# ત્રિપલ તલાક પર ત્રણ વર્ષની સજા

૨૨ / ઓગષ્ટ ૨૦૧૭ના રોજ સુપ્રિમ કોર્ટની પાંચ સભ્યોની બેન્ચે ત્રિપલ તલાક અંગે પોત પોતાનો ફેસલો સંભળાવ્યો. જેમાં પાંચ જજોના આ ફેસલામાં અમુક મુદ્દાઓ પર મતભેદ રહયો, જેથી ફેસલો બહુમતને ધ્યાનમાં લઈ સંભળાવવામાં આવ્યો. આ ફેસલામાં સામાન્યપણે બે બાબતો મહત્વની હતી, એક તો એ કે પર્સનલ લો પ્રાથમિક અધિકાર છે માટે તેમાં ન સુપ્રિમ કોર્ટ દખલ કરી શકે છે અને ન તો પાર્લામેન્ટ તેના વિરુદ્ધ કોઈ કાયદો બનાવી શકે છે. બીજી બાબત આ હતી કે જો કોઈએ એકી સાથે ત્રણ તાલક આપી દીધી તો તેનાથી તલાક માન્ય ગણાશે નહીં, એટલે કે તલાક થશે નહીં, અને દાંપત્ય જીવન પર તેની કોઈ અસર થશે નહીં. આ ફેસલા બાબતે અમુક પ્રતિભાવો અને મંતવ્યો પણ આવ્યા, વર્તમાન કાયદા મંત્રીએ એલાન કર્યું કે આ ફેસલા પછી કોઈ કાયદો બનાવવાની જરૂરત નથી.

પરંતુ જેમ જેમ ગુજરાત ઈલેકશનનું વાતાવરણ ગરમાયું તેમ તેમ માનનીય વડાપ્રધાન સાહેબને છૂટાછેડાવાળી સ્ત્રીઓની યાદ સતાવવા લાગી, કેન્દ્ર સરકારે જાહેર કરી દીધુ કે સુપ્રિમ કોર્ટનો ફેસલો તો થઈ ગયો છતાં હજુ મુસ્લિમ પુરુષોએ ત્રણ તલાક આપવાનું બંધ કર્યું નથી, જેથી ત્રિપલ તલાક વિરૂદ્ધ કડક કાયદો બનાવવામાં આવશે. ગ્રુપ ઓફ મિનિસ્ટર નિમવામાં આવ્યું, તેમણે કાયદાનું સંક્ષિપ્ત પરિપત્ર તૈયાર કર્યું, અને તેને દરેક રાજયના મુખ્યમત્રીઓને રવાના કરવામાં આવ્યું.

૧૫ / ડિસેમ્બર ૨૦૧૭ ના રોજ કેન્દ્રિય કેબિનેટે તેને મંજૂરી આપી દીધી અને પછી સંસદના શિયાળુ સત્રમાં લોકસભામાં બીજેપીએ બહુમતના જોરે પસાર પણ કરાવી દીધું. અલબત્ત મુસ્લિમ સંસ્થાઓના વિરોધના કારણે વિપક્ષોએ રાજયસભામાં આગ્રહ રાખ્યો કે એને સંસદીય સમિતી પાસે મોકલવામાં આવે.

આ વાત ચોક્કસ છે કે બીલમાં બે મુદ્દાઓનો ઉલ્લેખ છે, એક તો આ કે એકી સાથે ત્રણ તલાક આપનાર વ્યકિતને ફોજદારી ધારા હેઠળ ત્રણ વર્ષ જેલની સજા ફટકારાશે, આ ઉપરાંત તેને પેનલ્ટી પર આપવી પડશે, જે અદાલત તરફથી નક્કી કરવામાં આવશે. સરકારે ક્રિમિનલ લો (ફોજદારી

ધારા) હેઠળ ત્રણ તલાકની સજા તો નક્કી કરી દીધી, પરંતુ પ્રશ્ન એ છે કે આ સજા કયા ક્રેમિનલ ઓફેન્સ (CRIMINAL OFFENCE) ની છે ? જો એકી સાથે ત્રણ તલાક આપવી ફોજદારી ગુનો છે તો સુપ્રિમ કોર્ટે ફેસલો સંભાળવી લીધો છે કે ત્રણ તલાક આપવાથી ત્રણ તલાક પડશે નહીં, આ રીતે જોવા જઈએ તો સુપ્રિમ કોર્ટે તલાકને પહેલાંથી જ નિરર્થક (બિન અસરકર્તા) ઠેરવી દીધી છે, અને સરકાર " બિન અસરકર્તા ગુના" ની સજા ત્રણ વર્ષ નકકી કરી રહી છે, ઉપરાંત પેનલ્ટી પણ લગાડી રહી છે તો આ સુપ્રિમ કોર્ટનો નક્કી કરેલ "બિન અસર" વાકય કે શબ્દને ગુનો ઠેરવવો થયો, જયારે કે કોઈ પણ બેઅસર અને નિરર્થક વસ્તુ કાઈમ થઈ શકતી નથી, જો કાયદો આ પ્રમાણે હોય કે ત્રણ તલાક આપનારની વાત અસરકારક અને માન્ય હોય અને ત્રણેવ તલાકોથી તલાક પડી જતી હોય તો આ સ્થિતિમાં ત્રણ વર્ષની સજાના કાયદાને કઈક અંશે સમર્થન મળી શકે એમ છે. પરંતુ તલાક જ નથી પડતી તો સજા શેની ?

અન્ય મહત્વની બાબત એ છે કે બિનઅસર અપરાધ વિરૂધ્ધ સરકાર ત્રણ વર્ષની સજા નક્કી કરવા જઈ રહી છે, શું ઈન્ડિયન પિનલ કોડની સજાઓ સાથે આની કોઈ સંગતતા છે ખરી ? જુઓ અપહરણ અને વ્યભિચાર જેવા મોટા મોટા અપરાધોની સજા ત્રણ વર્ષ કરતાં પણ ઓછી છે. દા.ત. લાંચ–રૂશ્વતમાં એક વર્ષ, ધાર્મિક સ્થળોને નુકસાનપહોંચાડવા પર બે વર્ષની સજા, લૂટફાટ પર બે વર્ષની સજા, ભેળસેળ પર છ માસની સજા કે પછી એક હજાર રૂપિયાનો દંડ, (અથવા બન્ને) જેવી સજાઓ નક્કી છે, તો શું ત્રણ તલાકને (સુપ્રિમ કોર્ટના કહેવા પ્રમાણે જેનો ન પત્ની પર અસર પડે છે, ન તો સંતાનો પર અને ન તો કુટુંબ પર) એટલો મોટો અપરાધ સમાન ગણવી કે તેને અપહરણ જેવા ગુનાહ જેવો સમજી લેવામાં આવે. સજાઓ નકકી કરવામાં કઈક અંશે સમાનતા તો હોવી જ જોઈએ !

સેન્ટ્રલ કેબિનેટે તલાક આપનાર ઉપર ત્રણ વર્ષની સજા ઉપરાંત પત્ની, સંતાનોનો ભરણપોષણ ખર્ચ આપવાની જોગવાઈ પણ કરી છે. કેબિનેટે વિચારવું જોઈએ કે પુરુષ જેલમાં ચાલ્યો જશે તો આ ખર્ચ કોણ આપશે ? એ મોટો સવાલ છે. આનાથી સારુ તો બિહાર સરકારે કર્યું છે કે છૂટાછેડા થયેલ સ્ત્રીને વાર્ષિક પચ્ચીસ હજાર રૂપિયા સહાય આપવામાં આવે છે.

લાગે છે કે સરકારે એમ માની લીધુ છે કે સામાજીક ખરાબીઓ તથા દુષણોનો ઈલાજ કડક સજા છે. જયારે કે ક્રાઈમ રિપોર્ટ આ વાતનું સમર્થન કરતી નથી, ગત અમુક વર્ષોમાં ગુનાખોરીના બનાવો પર ધ્યાન આપીશું તો ખબર પડશે કે જેટલી લોકપ્રિયતા અને જન વિરોધ નિર્ભયા કાંડમાં થયો હતો, એટલો વિરોધ અન્ય કોઈ વ્યકિતગત ઘટના પર થયો નથી, આ ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી નાખ્યો. કોઈ પણ જાતની અપીલ વિના મોટા મોટા શહેરોમાં હજારો લોકો સડકો પર ઉતરી આવ્યા, કેટલાયે આગેવાનો અને લીડરોએ મંતવ્યો આપ્યા કે આરોપીને ઈસ્લામી સજા આપવી જોઈએ, જન આક્રોશ હેઠળ કાયદો તો બની ગયો, પરંતુ શું સ્ત્રીઓ ઉપર અત્યાચાર અને જાતીય સમતામણીની ઘટનાઓનો દર ઓછો થયો ખરો ? અટકવાની વાત તો દૂર રહી. મહિલાઓ વિરૂધ્ધ બળાત્કાર અને અત્યાચારના ગુનાહોનો દર વધ્યો, અને તેમાં ગત દસ વર્ષોમાં પ્રમાણમાં (૨૦૧૬ સુધી)માં ૮૮ ટકા વધારો થયો, જયારે ૨૦૧૬ માં ૧૮.૯ ટકા આરોપીઓને સજા આપવામાં આવી, દિલ્લીમાં પ્રતિ દિન પાંચ છેડતીની ઘટનાઓ નોંધાઈ છે. દિલ્લીમાં જાતીય સતામણીનો દર ૨૬.૩ ટકા છે.

આ થોડી ઘણી માહિતી દર્શાવે છે કે સમાજિક દૂષણોનો ઈલાજ સખત બનાવી દેવો પુરતો નથી, તેના માટે જનતાને સમજાવવી, તેમને તેમની જવાબદારીઓ યાદ અપાવવી, તેમનું મન બનાવવું ઘણું જ જરૂરી છે. સૌની સમજમાં આવે એવું ઉદાહરણ આ છે કે મુસ્લિમોમાં ૨૨ / ઓગષ્ટ ૨૦૧૭ સુધી તલાક ઘણી આસાન રહી છે, પરંતુ અન્ય ધર્મોમાં માનનારાઓ માટે તલાક મુશ્કેલ રહી છે તેમની તલાક કોર્ટથી થાય છે, જેથી ઘણો સમય વેડફાય જતો હોય છે, પરિણામે અત્યારે ૩૨ લાખ હિન્દુ મહિલાઓ તલાક વિના, પતિથી અલગ મજબુરીની જિંદગી પસાર કરી રહી છે, તે પૈકી એક આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સા.ની પત્ની પણ છે. અને જે લોકોને કાયદેસરથી છૂટાછેડા થયા છે, તેની માહિતી રાષ્ટ્રીય સર્વેના આધારે સૌથી વધુ હિન્દુ, પછી ઈસાઈ, શિખ, બૌધ્ધ, જૈન સ્ત્રીઓને તલાક થઈ છે, અને સૌથી ઓછી તલાકો મુસલમાનોમાં થઈ છે. આ આંકડાઓ દર્શાવે છે કે આ બાબતે પર્સનલ લો બોર્ડ, અન્ય મુસ્લિમ સંસ્થાઓ અને મસ્જિદોના ઈમામો વગેરે મુસ્લિમ સમાજને આ બાબતે યોગ્ય માર્ગદર્શન આપી રહયા છે.

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

*અનુવાદ : મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*
*(બ્લેકબર્ન. યુ.કે.)*

૧૧૯

## નમાઝમાં કૌમા અને જલ્સા

રૂકૂઅ અને સિજદા વચ્ચે કૌમાનો હુકમ છે અને એ જ પ્રમાણે એક રકાતના બે સિજદાઓ વચ્ચે જલ્સો જરૂરી છે. તે બંને વિષે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની સુચનાઓ અને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો મામૂલ નીચેની હદીષોમાં વાંચો :–

(١٥٥) عَنْ اَبِی هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا قَالَ الْإِمَامُ سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ فَقُوْلُوْا اَللّٰهُمَّ رَبَّنَا لَكَ الْحَمْدُ فَإِنَّهٗ مَنْ وَافَقَ قَوْلُهٗ قَوْلَ الْمَلٰئِكَةِ غُفِرَلَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ۔ (رواه البخاری ومسلم)

તરજુમોઃ– હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ જયારે ઈમામ (રૂકુઅથી ઉભા થતાં)"સમિઅલ્લાહુ લિમન હમિદહ" (અલ્લાહે સાંભળી તે બંદાની જેણે તેના વખાણ કર્યા) કહે, તો તમે (મુકતદીઓ)"અલ્લાહુમ રબ્બના લકલ હમ્દુ" (એય અલ્લાહ! અમારા પરવરદિગાર તારાજ માટે બધા વખાણ અને ખૂબીઓ છે.) કહો, જેના બોલ ફરિશ્તાઓના બોલ સાથે સાથે થશે, તો તેના પાછલા બધા ગુનાહ માફ કરી દેવામાં આવશે. (બુખારી, મુસ્લિમ)

ખુલાસો :– જમાઅત સાથે નમાઝ પઢવામાં જયારે ઈમામ રૂકુઅથી ઉભા થતાં "સમિઅલ્લાહ" કહે છે. તો અલ્લાહના ફરિશ્તાઓ પણ "અલ્લાહુમ્મ રબ્બના લકલ્હમ્દ" કહે છે. આ હદીષમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ઈમામ પાછળ નમાઝ પઢનારાઓને હુકમ આપ્યો છે કે એ મોકા પર તેઓ પણ એ કલ્મો કહ્યા કરે. અને ફરમાવ્યું કે જે લોકોનો કલ્મો

ફરિશ્તાઓના કલ્મા સાથે અને તે મુજબ હશે, તે કલ્માની બરકતથી તેના પાછલા ગુનાહો માફ થઈ જશે. "માફક" અને "તે પ્રમાણે હોવાનો" અર્થ જોવા જઈએ તો એ થાય છે કે બિલ્કુલ તેમની સાથે જ હોય, આગળ પાછળ ન હોય. વલ્લાહુ અઅલમ....

આ વાત "મઆરિફુલ હદીષ"માં વારંવાર લખવામાં આવી છે કે જે હદીષોમાં કોઈ ખાસ અમલની બરકતથી ગુનાહ માફ થવાની ખુશ ખબરી સંભળાવવામાં આવે છે. તેનાથી મતલબ નાના ગુનાહોની માફીનો છે. કબીરા ગુનાહો વિષે કુર્આનની આયતો અને હદીષોથી કંઈક એવું જણાય છે કે તે ગુનાહોની માફી કાયદાના આધારે "તોબા" સાથે લાગેલી છે. આમ તો અલ્લાહની મરજી છે કે મોટામાં મોટા ગુનાહો પોતાની મહેરબાનીથી જેના ચાહે માફ કરી શકે છે.

(١٥٦) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ اَوْفٰى رضی قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا رَفَعَ ظَهْرَهٗ مِنَ الرُّكُوْعِ قَالَ سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ اَللّٰهُمَّ رَبَّنَا لَكَ الْحَمْدُ مِلْأَ السَّمٰوَاتِ وَمِلْأَ الْاَرْضِ وَمِلْأَ مَاشِئْتَ مِنْ شَيْءٍ بَعْدُ۔ (رواه مسلم)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન અબી ઔફા (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) જયારે રૂકુઅથી ઉભા થતા તો ફરમાવતાઃ "સમિઅલ્લાહુ લિમન હમિદહ" (અલ્લાહે તેની સાંભળી લીધી જેણે તેના વખાણ કર્યા)" અલ્લાહુમ્મ રબ્બના લકલ્હમ્દુ મિલ્અ સ્સમાવાતિ વલ્અર્દિ, વ મિલ્અમા શિઅત મિન શૈઈન બઅદુ" (એય અલ્લાહ! અમારા પાલનહાર તારા જ માટે બધા વખાણ અને ખૂબીઓ છે એટલી બધી કે જેનાથી ઝમીન આસમાનની સઘળી લંબાઈ પહોળાઈ ભરાય જાય, અને ઝમીન આસમાનથી આગળ મોજૂદ જે સિલસિલો તારી ચાહતમાં છે તેની પણ બધી લંબાઈ પહોળાઈ ભરાય જાય.(મુસ્લિમ શરીફ)

ખુલાસો :– સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)ની રિવાયતથી કૌમામાં એ જ દુઆ થોડા વધારા સાથે ઉપર બયાન કરવામાં આવી છે. એવું જણાય છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) "સમિઅલ્લાહુ લિમન હમિદહ" પછી કોઈ વાર માત્ર "અલ્લાહુમ્મ રબ્બના લકલ્હમ્દ" કહેતા હતા, અને કોઈ વાર તેની સાથે એ વધારો પણ કરતા હતા

જે અબ્દુલ્લાહ બિન અબિ ઔફા (રદિ.)ની આ રિવાયતથી જાણવા મળયું અને કદી તેના પર એ પણ વધારતા હતા જેની રિવાયત હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)એ કરી છે. એટલા જ માટે કોઈ કોઈ વાર આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો કૌમા એટલો લાંબો થતો હતો કે લોકોને ભુલી જવાની શંકા પેદા થવા લાગતી હતી, જેમકે આગળ ટાંકવામાં આવતી હઝરત અનસ (રદિ.)ની એક હદીષથી જણાશે.

(۱۵۷) عَنْ رِفَاعَةَ بْنِ رَافِعٍ قَالَ كُنَّا نُصَلِّى وَرَاءَ النَّبِيِّ ﷺ فَلَمَّا رَفَعَ رَاسَهٗ مِنَ الرَّكْعَةِ قَالَ سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَه فَقَالَ رَجُلٌ وَرَاءَهٗ رَبَّنَا وَلَكَ الْحَمْدُ حَمْداً كَثِيْراً طَيِّباً مُبَارَكاً فِيْهِ فَلَمَّا انْصَرَفَ قَالَ مَنِ الْمُتَكَلِّمُ آنِفاً قَالَ اَنَا قَالَ رَاَيْتُ بِضْعَةً وَّ ثَلٰثِيْنَ مَلَكاً يَبْتَدِرُوْنَهَا اَيُّهُمْ يَكْتُبُهَا اَوَّلاً۔ (رواه البخارى)

તરજુમોઃ– હઝરત રિફાઆ બિન રાફેઅ (રદિ.)થી રિવાયત છે કે અમે લોકો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પાછળ નમાઝ પઢી રહ્યા હતા. જયારે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ રૂકુઅથી માથું ઉઠાવ્યું તો ફરમાવ્યું: ''સમિઅલ્લાહુ લિમન હમિદહ'' તો આપની પાછળ મુકતદિઓમાંથી એક માણસે કહ્યું ''રબ્બના વલકલ્હમ્દ હમ્દન કસીરન તય્યિબન મુબારકન ફીહિ'' (એય અમારા પાલનહાર! તમારા જ માટે બધા વખાણ અને ઘણા જ વધારે વખાણ, ઘણા જ સ્વચ્છ અને મુબારક વખાણ છે) જયારે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) નમાઝથી ફારિગ થયા તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ પુછયું અત્યારે એ કહેનાર કોણ હતો? તેણે કહ્યું કે મેં કહ્યું હતું આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું મેં ત્રીસથી વધારે ફરિશ્તાઓને જોયા કે તેઓ આપસમાં ઝઘડી રહ્યા હતા કે કોણ એને પહેલો લખે. (બુખારી શરીફ)

ખુલાસો :– હદીષમાં આ કલ્મો ''રબ્બના વલકલ્હમ્દ કસીરન'' ને લખવા માટે ત્રીસથી વધારે ફરિશ્તાઓનું આગળ વધવાનું વર્ણન છે તેનું ખાસ કારણ કદાચ તે બંદાના દિલની તે ખાસ કેફીયત હતી જે કેફિયતથી તેણે અલ્લાહના વખાણનો આ મુબારક કલ્મો કહ્યો હતો.

(۱۵۸) عَنْ حُذَيْفَةَ اَنَّ النَّبِىَّ ﷺ كَانَ يَقُوْلُ بَيْنَ السَّجْدَتَيْنِ رَبِّ اغْفِرْلِىْ (النسائى)

તરજુમોઃ– હઝરત હુઝૈફા (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ

અલયહી વસલ્લમ)બંને સિજદાઓ વચ્ચે જલ્સામાં આ પ્રમાણે કહેતા હતા. "રબ્બિગ્ફિરલી" (એય અલ્લાહ મને માફ કર)

(۱۵۹) عَنْ اِبْنِ عَبَّاسٍؓ قَالَ كَانَ النَّبِىُّ ﷺ يَقُوْلُ بَيْنَ السَّجْدَتَيْنِ اَللّٰهُمَّ اغْفِرْلِىْ وَارْحَمْنِىْ وَاهْدِنِىْ وَعَافِنِىْ وَارْزُقْنِىْ۔ (رواه ابوداؤد والترمذى)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)બંને સિજદા વચ્ચે આ દુઆ કરતા હતા.(એય અલ્લાહ! મારી મગફિરત ફરમાવ, મારા ઉપર રહમ કર, મને હિદાયતની નેઅમતથી માલામાલ કર, અને મારી રોઝીનો બંદોબસ્ત ફરમાવ.

(۱٦٠) عَنْ اَنَسٍؓ قَالَ كَانَ النَّبِىُّ ﷺ اِذَا قَالَ سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَه، قَامَ حَتّٰى نَقُوْلَ قَدْ اَوْهَمَ ثُمَّ يَسْجُدُ وَيَقْعُدُ بَيْنَ السَّجْدَتَيْنِ حَتّٰى نَقُوْلَ قَدْ اَوْهَمَ (مسلم)

તરજુમોઃ– હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)(કોઈકવાર) જયારે રૂકુઅથી ઉઠીને "સમિઅલ્લાહુ લિમન હમિદહ" કહેતા તો (મોડે સુધી) ઉભા રહેતા જેનાથી અમને ખ્યાલ થતો કે કદાચ આપ ભુલી ગયા હશે પછી સિજદામાં જતા અને ઉઠયા પછી બંને સિજદાઓ વચ્ચે (એટલી વાર) બેસતા કે અમે વિચારતા કે કદાચ આપ ભુલી ગયા હશે. (સહીહ મુસ્લિમ)

ખુલાસો :– હઝરત અનસ (રદિ.)ની આ હદીષથી જયાં એ જાણવા મળ્યું કે કોઈ કોઈ વાર આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો કૌમા અને જલ્સો એટલો લાંબો થતો કે સહાબા (રદિ.)ને ભુલી જવાની શંકા ઉપસ્થિત થતી ત્યાં એનાથી એ પણ જાણવા મળયું કે એવું કોઈ વખતે જ થતું હતું, એવી કાયમની આદત મુબારક ન હતી, નહીં તો જો દરરોજનો આ મુજબનો અમલ હોત, અથવા વધુ પડતુ એવું બનતે તો કોઈને ભુલ થવાની શંકા કદી ન થાત.

રૂકૂઅ અને સિજદાની જેમ કૌમા અને જલ્સામાં પણ જે કલિમાઓ અને દુઆઓ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી સાબિત અને મસ્નૂન છે, જાહેર છે કે તે બધી ઘણી જ મુબારક અને કબૂલ થવાવાળી દુઆઓ છે. હાં, જો નમાઝ પઢનાર ઈમામ હોય તો હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની જ સુચના અનુસાર તેણે એનો ખ્યાલ રાખવો જોઈએ કે આ પ્રમાણે કરવાથી મુકતદીઓ માટે તકલીફ અને બોઝનું કારણ બનશે. •••••

## માલ - દોલત અને અવલાદ નહીં, ઈમાન, તકવા, સબ્ર અને નેકીના કામો કામ આવશે.

*–મુફતી ફરીદ અહમદ કાવી.*

بسم الله الرحمن الرحيم
إِنَّ الَّذِينَ كَفَرُوا لَنْ تُغْنِيَ عَنْهُمْ أَمْوَالُهُمْ وَلَا أَوْلَادُهُمْ مِنَ اللَّهِ
شَيْئًا ۖ وَأُولَٰئِكَ هُمْ وَقُودُ النَّارِ ﴿١٠﴾ كَدَأْبِ آلِ فِرْعَوْنَ ۙ وَالَّذِينَ
مِنْ قَبْلِهِمْ ۚ كَذَّبُوا بِآيَاتِنَا ۖ فَأَخَذَهُمُ اللَّهُ بِذُنُوبِهِمْ ۗ وَاللَّهُ شَدِيدُ
الْعِقَابِ ﴿١١﴾ قُلْ لِلَّذِينَ كَفَرُوا سَتُغْلَبُونَ وَتُحْشَرُونَ إِلَىٰ جَهَنَّمَ ۚ
وَبِئْسَ الْمِهَادُ ﴿١٢﴾ قَدْ كَانَ لَكُمْ آيَةٌ فِي فِئَتَيْنِ الْتَقَتَا ۖ فِئَةٌ تُقَاتِلُ فِي
سَبِيلِ اللَّهِ وَأُخْرَىٰ كَافِرَةٌ يَرَوْنَهُمْ مِثْلَيْهِمْ رَأْيَ الْعَيْنِ ۚ وَاللَّهُ
يُؤَيِّدُ بِنَصْرِهِ مَنْ يَشَاءُ ۗ إِنَّ فِي ذَٰلِكَ لَعِبْرَةً لِأُولِي الْأَبْصَارِ ﴿١٣﴾ زُيِّنَ
لِلنَّاسِ حُبُّ الشَّهَوَاتِ مِنَ النِّسَاءِ وَالْبَنِينَ وَالْقَنَاطِيرِ الْمُقَنْطَرَةِ
مِنَ الذَّهَبِ وَالْفِضَّةِ وَالْخَيْلِ الْمُسَوَّمَةِ وَالْأَنْعَامِ وَالْحَرْثِ ۗ ذَٰلِكَ
مَتَاعُ الْحَيَاةِ الدُّنْيَا ۖ وَاللَّهُ عِنْدَهُ حُسْنُ الْمَآبِ ﴿١٤﴾ قُلْ أَؤُنَبِّئُكُمْ
بِخَيْرٍ مِنْ ذَٰلِكُمْ ۚ لِلَّذِينَ اتَّقَوْا عِنْدَ رَبِّهِمْ جَنَّاتٌ تَجْرِي مِنْ تَحْتِهَا
الْأَنْهَارُ خَالِدِينَ فِيهَا وَأَزْوَاجٌ مُطَهَّرَةٌ وَرِضْوَانٌ مِنَ اللَّهِ ۗ وَاللَّهُ بَصِيرٌ
بِالْعِبَادِ ﴿١٥﴾ الَّذِينَ يَقُولُونَ رَبَّنَا إِنَّنَا آمَنَّا فَاغْفِرْ لَنَا ذُنُوبَنَا وَقِنَا
عَذَابَ النَّارِ ﴿١٦﴾ الصَّابِرِينَ وَالصَّادِقِينَ وَالْقَانِتِينَ وَالْمُنْفِقِينَ
وَالْمُسْتَغْفِرِينَ بِالْأَسْحَارِ ﴿١٧﴾

તરજમહ : બેશક જે લોકો કાફિર છે, એમને અલ્લાહના મુકાબલામાં એમનો માલ અને એમની અવલાદ હરગિઝ કંઈ પણ કામ નહિ આવશે. અને આ લોકો જ દોઝખનું બળતણ છે. (૧૦) જેમ કે ફિરઓનની કૌમ તથા તેઓથી આગલા લોકોની હાલત થઈ હતી, એમણે અમારી આયતોને જૂઠી કહી હતી, એટલે અલ્લાહ તઆલાએ એમના ગુનાહોના કારણે એમને સજા ફરમાવી. અને અલ્લાહ તઆલા આકરી સજા વાળો છે. (૧૧) (હે નબી !) આ કુફ્ર (ઈનકાર) કરનારાઓને કહી દયો કે જલદી જ તમે દબાય (હારી) જશો, અને પછી તમે દોઝખ તરફ ભેગા લઈ જવામાં આવશો અને તે બહુ ખરાબ ઠેકાણું છે. (૧૨) બદ્રની લડાઈ વેળા બે સમુહો અથડાયા હતા, એમાં તમારા માટે મોટી નિશાની હતી. એક સમુહ (લશ્કર) અલ્લાહના માર્ગમાં લડતું હતું અને બીજો સમુહ કાફિરોનો હતો. જેઓ મુસલમાનોને ખુલ્લી આંખોએ પોતાનાથી બમણા જોઈ રહયા હતા. અને અલ્લાહ પોતાની

મદદ વડે ચાહે તેને બળ આપે છે. બેશક, આ ઘટનામાં સમજદારો માટે સ્પષ્ટ બોધપાઠ છે. (૧૩) મોજ મજા આપતી વસ્તુઓ (કે કામો)ને પસંદ કરવું લોકોને સારું લાગે છે. જેમ કે સ્ત્રીઓ, દીકરાઓ, સંગ્રહ કરેલા સોના–ચાંદીના ઢગલા, નિશાની વાળા ઘોડા અને ઢોરો તેમજ ખેતી. આ બધું તો જગત જીવનની વપરાશની વસ્તુઓ છે. બાકી સારું ઠેકાણું તો અલ્લાહની પાસે છે. (૧૪) (હે નબી !) કહી દયો કે શું હું તમને આ વસ્તુઓ કરતાં પણ વધારે સારી વસ્તુઓની બતાવું ? પરહેઝગારો માટે એમના પરવરદિગાર પાસે એવા બગીચા છે, જેમની નીચે નહેરો વહે છે, જેમાં તેઓ સદા રહેશે. અને પવિત્ર સ્ત્રીઓ તથા અલ્લાહ તઆલાની ખુશનૂદી – પ્રસન્નતા છે. અને અલ્લાહ બંદાઓને સારી રીતે નિહાળે છે. (૧૫) આ તે લોકો છે જેઓ દુઆ કરે છે કે, હે ! અમારા પરવરદિગાર ! બેશક, અમે ઈમાન લઈ આવ્યા છીએ, માટે તું અમારા ગુનાહો માફ કરી દયો. અને અમને દોઝખના અઝાબથી બચાવો. (૧૬) આ લોકો સબર કરનાર, સાચું બોલનારા, વિનમ્ર – આજ્ઞાકારી, અને ખર્ચ કરનારા તેમજ મળસ્કે ઈસ્તિગ્ફાર કરનારા છે. (૧૭)

તફસીર : કાફિરો એટલે કે અલ્લાહનો ઈન્કાર કરનાર લોકોને અલ્લાહના મુકાબલામાં કે અલ્લાહના અઝાબથી બચવા માટે એનો મોકો નહીં હોય કે માલ આપીને છુટી જાય. અથવા એમના મર્યા પછી એમની અવલાદ કંઈ દાન – પુણ્ય કરે તો મૃતકને છુટકારો મળે. જયાં સુધી માણસ પોતે ઈમાન ન લાવે, બીજું બધું બેકાર છે. આવી જ રીતે ફિરઓન અને એની કોમ, અને એમના પહેલાંની કોમોએ પણ જયારે અલ્લાહની નિશાનીઓ, પયંગબરો અને એમના આદેશોને માન્યા નહીં તો એમના ઉપર અલ્લાહ તઆલાનો અઝાબ આવ્યો. અને અલ્લાહની પકડમાંથી બચવા એમનો માલ કે કુટુંબ – કબીલો કંઈ કામ આવ્યો ન હતો.

આયત નં ૧૨માં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મારફતે શત્રુઓને ચેતવણી અને આગાહી આપવામાં આવી કે આજે તમે સશકત છો, પણ વહેલી તકે તમે હારી જશો, લડાઈમાં માર્યા જશો અને પછી આખિરતમાં પણ જહન્નમ તરફ તમને ધકેલવામાં આવશો. તફસીરના અમુક વિદ્વાનોના મતે આ આયતમાં મક્કાના શત્રુઓની હારની આગાહી કરીને એમને ધમકાવવામાં આવ્યા છે. એટલે જ પછીની આયતમાં બદ્રની લડાઈનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમાં મક્કાના શત્રુઓ મોટી સંખ્યામાં માર્યા ગયા હતા.

બાકી આયતના શબ્દો મુજબ ઈસ્લામના દરેક દુશ્મન માટે આ આગાહી છે કે વહેલી તકે આ દુનિયામાં પણ અલ્લાહ તઆલા એને હરાવી દે છે.

આયત નં ૧૩ માં બદ્ર મુકામે મુસલમાનો અને મક્કાના શત્રુઓ વચ્ચે થયેલી લડાઈનો ટુંકો ઉલ્લેખ છે. સામ સામે લડવા આવેલા બન્ને લશ્કરોમાં ૩૧૩ મુસલમાનો રાહે ખુદામાં લડતા હતા તો સામે વાળા ૯૫૦ હતા. ૭૦૦ સશસ્ત્ર યોદ્ધાઓ ઊંટ ઉપર હતા અને ૧૦૦ યોદ્ધાઓ ઘોડેસ્વાર હતા. પણ અલ્લાહ તઆલાએ મુસલમાનોની મદદ ખાતર ગેબી રીતે ફરિશ્તાઓ ઉતારીને એવું દશ્ય ઉભું ફરમાવ્યું કે, એમને ફકત ૩૧૩ મુસલમાનોની સંખ્યા પોતાના કરતાં પણ બે – ત્રણ ગણી વધારે દેખાતી હતી. મુસલમાનોની આવી વિશેષ મદદનું આ આયતમાં વર્ણન છે.

મવલાના અ. માજિદ દરયાબાદી રહ. લખે છે કે, આ આયતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે : "અલ્લાહ પોતાની મદદ વડે ચાહે તેને બળ આપે છે." એટલે કે આવા દરેક મોકા પર અલ્લાહ તઆલા મુસલમાનોની મદદ કરશે જ એ જરૂરી નથી. અલ્લાહ તઆલા એની મરજી અને મસ્લેહત મુજબ ચાહે ત્યારે, ચાહે તેની મદદ કરે છે. માટે દરેક વેળા હકપરસ્તોની મદદ કરવામાં આવે એ જરૂરી નથી.

આયત નં ૧૪ માં મનપસંદ અને મોજ શોખની અમુક એવી વસ્તુઓ દર્શાવવામાં આવી છે, જેને માણસ એની પહેલી પસંદ ગણીને આગળ જ રાખે છે. પણ આ વસ્તુઓનો શોખ, એમાં વધારે મશ્ગૂલ થવું માણસ માટે નુકસાન કારક છે. અત્રે આવી ૬ વસ્તુઓ ગણાવવામાં આવી છે.

(૧) સ્ત્રીઓ. જયાં સુધી માણસ પોતાની પાકદામની માટે શરીઅતની મર્યાદામાં રહીને એકથી લઈને ચાર બીવીઓ સાથે સંબંધ રાખે, એ જાઈઝ છે. પરંતુ લોકો આ બાબતને શોખ અને એશની વસ્તુ બનાવીને એમાં જ પ્રવૃત રહે છે. જે માણસના દીનને બરબાદ કરી દે છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : મને દુનિયાની ત્રણ વસ્તુઓ ઘણી પસંદ છે. સ્ત્રીઓ, ખુશ્બૂ અને મારી આંખોની ઠંડક નમાઝ. સ્ત્રીઓ પ્રત્યેની મુહબ્બત આટલી વધારે હોવા છતાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ખુદાના દીન ખાતર કેટલી મહેનત કરતા હતા, એ આપણે જાણીએ છીએ.

(૨) અવલાદ. અવલાદની મુહબ્બત ઓરતો કરતાં પણ વધારે મજબૂત હોય છે. વધારે અવલાદ પેદા કરીને પોતાનો વંશવેલો વધારવાના શોખીન લોકો હવે ઓછા છે. પણ અવલાદ એક બે હોય કે વધારે, કુરઆનમાં મોટા ફિત્ના એટલે કે કસોટી અને અજમાયશની વસ્તુ કરાર દેવામાં આવી છે.

(૩) સોના ચાંદીનો ખઝાનો અને એની સંગ્રહખોરી.(૪) ઉચ્ચ કુળના કીમતી ઘોડા. (આજની સ્થિતિમાં મોંઘી ગાડીઓ)(૫) અલગ અલગ જાનવરો.(૬) ખેતી.

આ બધા માલના પ્રકારો છે. માણસને એકવાર એનો ચસકો લાગે પછી પાછળ વળીને જોતો નથી. એવો મસ્ત થાય છે કે હલાલ – હરામનો તફાવત પણ છોડી દે છે. વધુ પડતા માણસો ઉપરોકત બાબતોમાં મર્યાદા ઓળંગીને ખુદાને ભૂલી જાય છે એટલે આ વસ્તુઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો. અલ્લાહ તઆલા આગળ ફરમાવે છે, આ બધી વસ્તુઓ ફકત વપરાશનો સામાન છે. વપરાશનો સામાન હોવાનો મતલબ એ છે કે એ જરૂરત પ્રમાણે જ હોવો જોઈએ. હદીસ શરીફમાં છે : દુનિયામાં માણસનો હક રહેવાનું એક ઘર, શરીર ઢાંકવાનું કપડું અને રોટી પાણી પૂરતો જ છે. (તિરમિઝી શ.) માણસ જેટલો એનાથી આગળ વધતો જશે, એ મુજબ એના દીનના બદલે દુનિયામાં મશ્ગૂલ થવાની શકયતાઓ વધતી જાય છે.

પછીની આયતમાં દુનિયાના શોખ કરતાં વધારે સારા શોખ અને કામની વાતો બતાવવામાં આવી છે.

ઈમાન લાવીને અલ્લાહ પાસે મગફિરતની દુઆ કરવામાં આવે.

સબ્ર કરવામાં આવે.

સાચું બોલવામાં આવે.

અલ્લાહના આજ્ઞાકારી – ફરમાબરદાર બનીને રહેવામાં આવે.

અલ્લાહની રાહમાં ખર્ચ કરવામાં આવે.

વહેલી સવારે ઉઠીને અલ્લાહ પાસે મગફિરતની દુઆ કરવામાં આવે.

આ લોકોને અલ્લાહ તઆલા આખિરતમાં જન્નતના બાગો. એમાં વહેતી નહેરો. પાક અને સુંદર પત્નિઓ, અલ્લાહ તઆલાની પ્રસન્નતા આપવા ઉપરાંત આ બધી નેઅમતનો અને ઈનામો સદાને માટે એમના માટે કરી દેશે.

—————————————

# સારી વાતોની ખુશ્બુ
# ... અને બુરી વાતોની બદબૂ ...

ગઝવએ બનુ મુસ્તલક (સન.હિ.૫)માં મુસલમાનો સાથે મુનાફિકો પણ હતા, મુનાફિકો સદા પ્રયત્નશીલ રહેતા કે મુસલમાનોને તકલીફ પહોંચાડે, કોઈ ફિત્ના– મુસીબતમાં ફસાવી દે.

જોગાનુજોગ પાછા વળતી વેળા પાણીના એક ઝરણા પર એક મુહાજિર અને એક અન્સારી સહાબી વચ્ચે બોલાચાલી થઈ ગઈ, એમાં મુહાજિર સહાબીએ ' હે મુહાજિરો !' કહી મુહાજિરોને મદદ માટે બોલાવ્યા, અને અન્સારીએ ' હે અન્સારીઓ' કહી અન્સારીઓને બોલાવ્યા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જયારે આ બુમો સાંભળી તો પુછયું કે " આ જહાલત કાળની વાતો હવે પાછી કયાંથી આવી ગઈ ? લોકોએ દર્શાવ્યું કે એક મુહાજિરી સહાબીએ અન્સારી સહાબીને લાત મારી, તેના પરથી આ બધું થયું છે.

જવાબમાં આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું :

આવી બધી વાતોને છોડી દયો, તે ગંધાય છે.

ઉપરોકત ઘટના અને હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જહાલતની વાતો, જુથવાદ અને ફિરકાબંદીને બદબુદાર, ગંધાતી બતાવી છે, જેનાથી માલૂમ થયું કે સારી, પાક, પવિત્ર, નેક વાતો ખુશ્બુ દાર અને બુરી ગંદી ભૂંડી વાતો બદબૂદાર હોય છે, અને અલ્લાહના નબીઓ એની ખુશ્બુ, બદબૂ, સુગંધ, દુર્ગંધ મહસૂસ કરે છે.

આ બાબત અન્ય હદીસો અને ઘટનાઓથી પણ પુરવાર થાય છે, જેમ કે અન્ય એક હદીસમાં છે : હઝરત જાબિર રદિ. ફરમાવે છે કે એકવાર અમે રસૂલુલ્લાહ સલ. સાથે હતા, એવામાં સખત દુર્ગંધ ફેલાય ગઈ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું :

તમને ખબર છે કે આ શાની દુર્ગંધ છે ? આ દુર્ગંધ તે લોકોના મોંઢામાંથી આવી રહી છે, જેઓ અત્યારે મુસલમાનોની ગીબત (બદગોઈ) કરી રહ્યા છે.

આ હદીસથી પુરવાર થાય છે કે ગીબતની બદબૂ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને સહાબાએ પણ મહસૂસ કરી, હા ! બદબૂ ગીબતની છે, એ વાત નબીએ કરીમ સલ.ના બતાવવાથી માલૂમ પડયું.

હઝરત જાબિર રદિ. એક બીજી હદીસમાં રિવાયત કરે છે કે ગઝવએ બનુ મુસ્તલકથી પાછા ફરતી વખતે જયારે અમે મદીના નજીક પહોંચ્યા તો અચાનક ઘણી જ બદબૂદાર હવાની લહેર આવી, આપ સલ.એ ફરમાવ્યું : આ બદબૂ કોઈ મુનાફિકના મરવાથી ફેલાઈ છે. અને અમે જયારે મદીના પહોંચી ગયા તો ખબર પડી કે એક મોટો મુનાફિક મરી ગયો છે.

તિર્મિઝીમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું : બંદો જયારે જુઠ બોલે છે તો ફરિશ્તો તેના જુઠની બદબૂથી એક માઈલ દૂર ચાલ્યો જાય છે.

સુફયાન બિન ઉયયનહ રદિ. ફરમાવે છે કે માણસ જયારે નેકીનો ઈરાદો કરે છે તો એના અંદરથી એક સુગંધ પ્રસરે છે, જેનાથી ફરિશ્તાઓ સમજી જાય છે કે એણે નેક કામનો ઈરાદો વિચાર કર્યો છે અને જયારે બંદો કોઈ બુરાઈનો ઈરદો કરે છે તો એક પ્રકારની દુર્ગંધ પ્રસરે છે, જેનાથી ફરિશ્તો સમજી જાય છે કે એણે બુરા કામનો ઈરાદો કર્યો છે.

શેખ અબ્દુલ વહહાબ શઅરાની રહ. ફરમાવે છે કે,

વહબ બિન મુનબ્બહ રહ. કહેતા કે જે માણસ મરે છે, તે મરતાં પહેલાં કિરામન કાતિબીનને જોઈ લે છે. જો તે માણસે કિરામન કાતિબીન સાથે નેકી– પાકી સહિત જીવન વિતાવ્યું હશે તો ફરિશ્તાઓ કહે છે કે અલ્લાહ તને સારો બદલો આપે, તું ઘણો નેક દોસ્ત હતો. અનેક વાર તું અમને ભલાઈની મજલિસોમાં લઈ ગયો, અનેક વાર તારી નિખાલસ ઈબાદત વેળા અમે તારામાંથી પવિત્ર સુગંધ માણી, અને જો તે માણસે કિરામત કાતિબીન સાથે બુરાઈભર્યુ જીવન વિતાવ્યું હશે તો ફરિશ્તાઓ એને કહે છે કે અલ્લાહ તને સારો બદલો ન આપે, અનેક વાર તું અમને ગુનાહોની મજલિસમાં લઈ ગયો, અને અનેક વાર અમે તારાથી દુર્ગંધ સહેવી પડી.

મુહમ્મદ બિન વાસિઅ રહ. તેમના દોસ્તોથી કહેતા કે હું તો માથાથી પગ સુધી ગુનાહોમાં ડુબેલો છે. જો કોઈ માણસને મારા ગુનાહોની બદબૂ મહસૂસ થઈ જાય તો દુર્ગંધ અને બદબૂના લઈ મારી પાસે બેસવાનું પણ પસંદ ન કરે ●

# એક ચિરાગ ઓર બુઝા અને હુવા અંધેરા

ફાઝિલે જામિઅહ ઈસ્લામિય્યહ ડાભેલ, હઝરત મવલાના મુહમ્મદ હસન બોધાનવી,
અલ્લાહને પ્યારા થઈ ગયા. ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઊન.

*-- હઝરત મવલાના અબ્દુલ્લાહ કાપોદ્રવી સા.દા.બ.*

---

મવલાના મુહમ્મદ હસન બોધાનવી (રહ.) સુરત જીલ્લાના બોધાન ગામના વતની હતા, જન્મ ઈ.સ. ૧૯૩૦ માં થયો હતો. પ્રારંભિક તા'લીમ ગામના મકતબમાં અને શાળામાં લીધી. પિતા ઘણા જ દીનદાર અને નમાઝ – રોઝાના પાબંદ હતા, મુહમ્મદ હસન ૧૨ વર્ષના હતા ને વાલિદે મોહતરમ આ દુન્યા છોડી ચાલ્યા ગયા હતા. અલબત્ત પોતાના પુત્રને આલિમ બનાવવાની ઈચ્છા દોસ્તો સમક્ષ અનેકવાર રજૂ કરતા રહેતા હતા. તહજ્જુદમાં પણ મવલાનાને પણ જગાડતા હતા. જેથી તેઓ કુરઆન યાદ કરી શકે. મવલાના (રહ.)એ હાફિઝ મુસા અમીજી સા. પાસે હિફઝે કુર્આન મુકમ્મલ કર્યા પછી ઈ.સ ૧૯૪૩માં વધુ તા'લીમ અર્થે ગુજરાતની પ્રખ્યાત દીની સંસ્થા જામિઅહ ઈસ્લામિય્યહ તાલીમુદ્દીન ડાભેલમાં દાખલો લીધો. જામિઅહ ડાભેલમાં મર્હૂમ મવલાનાના ઉસ્તાદો પૈકી મવ. ઈબ્રાહીમ ગોધરવી (રહ.), મવ. ફઝલુર્રહમાન દેવબંદી ઉપરાંત મુફતી ઈસ્માઈલ બિસ્મિલ્લાહ (રહ.)ના નામ મોખરે છે.

મવલાના મુહમ્મદ હસન (રહ.) પ્રારંભથી દૌરએ હદીષ સુધી એક મેહનતુ, શરીઅતના પાબંદ અને ઉસ્તાદોની આંખોની આંખોના તારા બનીને રહયા. અલ્લાહ તઆલાએ મવલાનાને ઘણી જ હોશિયારી અને પ્રવિણતા અર્પણ કરી હતી. શરૂઆતથી પાકી – પરહેઝગારી ઉપરાંત મદરસાના વિશેષ તલબામાં ગણાતા હતા.

હું જયારે મિશ્કાત શરીફમાં પઢતો હતો ત્યારે મવલાના દૌરએ હદીષમાં હતા, જામિઅહની બોર્ડિંગમાં રૂમ નંબર ૪૨ માં અમે સાથે રહેતા હતા. મવલાના હમેશાં હસમુખા અને મિત્રો સાથે મિલનસાર સ્વભાવના હતા, તે સમયે જામિઅહમાં તલબાને રસોડેથી ખાવા વહેંચવામાં આવતું હતું. દરેક રૂમના તલબા ક્રમ પ્રમાણે ખાવું લાવી બધા સાથે મળીને ખાતા અને પછી વાસણ ધોવાનો વારો રાખતા હતા. અમારા દરમિયાન મવલાના હસન રહ. હોશિયાર અને વિશેષ તલબામાં ગણના હોવા છતાં છતાં કયારેય રૂમની સફાઈ અને વાસણ

ધોવામાં શરમ કે આળસ અનુભવતા ન હતા.

હઝરત મવલાના અ.જબ્બાર આઝમી (રહ.) અને મવલાના અ.રઉફ પેશાવરી (રહ.) બુખારી શરીફનો દર્સ આપતા હતા. આ બન્ને ઉસ્તાદો મવલાના ઉપર વિશેષ ધ્યાન આપતા હતા. હઝરત મવલાના અ.જબ્બાર આઝમી (રહ.) રોજ રાત્રે સુરત અને ભરૂચ જીલ્લાના વિભિન્ન વિસ્તારોમાં વઅઝ – બયાન માટે જતા હતા. મવલાનાનું બયાન ઘણુ જ લોકપ્રિય હતું, જેથી જનમેદની પણ મોટી સંખ્યામાં થતી હતી. હઝરત મવલાના મને અને મવલાના મુહમ્મદ હસન સાહેબ (રહ.)ને પોતાની સાથે સફરમાં લઈ જતા હતા અને અમારી તરબિયત હેતુ તિલાવત પછી પોતાના બયાનથી પહેલાં અમો બન્નેને (૧૫–૧૫) મિનિટ તકરીર કરવાનો હુકમ ફરમાવતા, હઝરત મવલાના (રહ.)ની આ ઈનાયતનો અમને ઘણો ફાયદો થયો. અલ્લાહ તઆલા હઝરત મવલાના રહ.ને એનો શ્રેષ્ઠ બદલો આપે. આમીન.

દૌરએ હદીષની પરીક્ષામાં તે સમયના મુહદ્દિષ અને વિદ્વાન મવલાના મુહમ્મદ યુસૂફ બિન્નોરી સા. (રહ.)એ મવલાના હસન રહ.નો જવાબો વાંચ્યા તો ખુશ થઈને '૫૦' માંથી '૫૨' ગુણ આપ્યા, અને ફરમાવ્યું કે મને ખબર છે કે ગુણ '૫૦' કે '૫૧' જ હોય શકે, પરંતુ આ તાલિબે ઈલ્મએ એટલું સુંદર લખ્યું છે કે મેં મારા તરફથી તેમને વધારાનો એક માર્ક આપ્યો છે. આનાથી તેમની લાયકાત અને કાબેલીયતનો અંદાજો કરી શકાય છે. જામિઅહ ઈસ્લામિય્યહના રેકોર્ડ પ્રમાણે મવલાના હમેશાં પ્રથમ ક્રમે જ આવતા હતા, દૌરએ હદીષમાં પણ પહેલો નંબર જ આવ્યો હતો.

મવલાના મર્હૂમનું જીવન પહેલેથી જ પવિત્ર અને સાદુ હતું, સદા પહેલી સફમાં નમાઝ પઢતા, સબકના ઘણા જ પાબંદ હતા. સુંદર અક્ષરોએ લખતા હતા, એટલે તેમની સબકની નોટુબકો પણ ઘણી સ્પષ્ટ અને સાફ હોતી. ડાભેલથી ફારિગ થયા પછી આગળ તા'લીમ અર્થે દારૂલ ઉલૂમ દેવબંદ ગયા, અને હઝરત શૈખુલ ઈસ્લામ મવલાના મદની (રહ.), મવલાના ઈબ્રાહીમ બલ્યાવી (રહ.), મવલાના એજાઝ અલી અમરોહી (રહ.), કારી હિફઝુર્રહમાન (રહ.) જેવા પ્રખ્યાત ઉસ્તાદોથી ઈલ્મ મેળવ્યું, હઝરત મદની (રહ.)એ આપને પોતાની વિશેષ સનદ પણ અર્પણ કરી હતી. દેવબંદના સમયગાળા દરમિયાન સહારનપુર જઈ શૈખુલ હદીષ મવલાના ઝકરિય્યહ (રહ.)ના સબકોમાં પણ હાજરી આપતા. ફારિગ થયા પછી તાલીમી સેવા આપવાનું કામ શરૂ કર્યું. સૌ

પ્રથમ કયાં ખિદમત આપી તેની મને ખાસ ખબર નથી, પરંતુ બાદમાં કોસંબા ખાતે મકતબમાં વર્ષો સુધી સેવા બજાવતા રહયા.

હઝરત શૈખુલ ઈસ્લામ મવલાના સય્યિદ હુસૈન અહમદ મદની (રહ.) જયારે ગુજરાતમાં તશરીફ લાવતા તો તેની બધી વ્યવસ્થા ઈબ્રાહીમ પટેલ સા. ફરમાવતા હતા, જેથી હઝરત રહ.નો સહુ પ્રથમ કોસંબામાં જ રોકાતા હતા. મવલાના મુહમ્મદ હસન સાહબને હઝરત મદની રહ. સાથે કેવળ મુહબ્બત જ નહીં, ઈશ્ક હતું. માટે દરેક સફરમાં હઝરત રહ.ની સંગાથે રહેતા. હઝરત રહ. થી બયઅત પણ થઈ ગયા, અને ઝિક્ર અને અવરાદના ખૂબ જ પાબંદ હતા, હઝરતની વફાત પછી હઝરત મવલાના સય્યિદ અસઅદ મદની (રહ.)થી બયઅત થયા અને ખિલાફતનું સદ્ભાગ્ય મળ્યું, જેના ખરેખર તેઓ દાવેદાર પણ હતા. અમે તેમને માદરઝાદ વલી કહેતા હતા, હું પોતે તેમની સાથે એક રૂમમાં રહેતો હતો અને સફરમાં પણ તેમની સાથે જ રહેતો હતો. તેમના સુસંસ્કારોથી સારી રીતે પરિચિત હતો, ઉપરાંત તેમની ઈલ્મી લાયકાત અને હોશિયારીથી પણ વાકેફ હતો. જેથી મારા સતત પ્રયાસો હતા કે તેમને દારૂલ ઉલૂમ ફલાહે દારૈનમાં લાવી અરબી કિતાબો સુપરદ કરું. પરંતુ તેઓ દરેક વાર એક જ જવાબ આપતા કે મને ઈસ્તેખારહ માટે થોડો સમય આપો, પછી જવાબ આપીશ. હું પણ સહજતાથી કહેતો કે મને ખબર છે કે તમારા ઈસ્તેખારહમાં જનાબ ઈબ્રાહીમ પટેલ સાહેબ જ સામે આવશે અને તેઓ હસીને ચુપ થઈ જતા. મવલાના મર્હૂમને જામિઅહ ડાભેલમાં પણ પઢાવવા માટે બોલાવામાં આવ્યા હતા.

હઝરત શૈખુલ ઈસ્લામ મદની (રહ.)ના સમગ્ર પરિવારથી ખુબ જ મુહબ્બત ધરાવતા હતા, તેમની સેવાને સદભાગ્ય સમજતા હતા, હઝરત મદની રહ.ની વફાત (ઈ.સ.૧૯૫૭) પછી મવલાના બ્રિટન ચાલ્યા ગયા, બ્રિટનમાં વોલસોલ (WALSALL) ખાતે દીની તા'લીમ અને વઅઝ – બયાનની ખિદમત અંજામ આપતા રહયા.

હઝરત મવલાના સય્યિદ અસઅદ મદની (રહ.)ના બ્રિટન પ્રવાસ દરમિયાન સદા તેમની સાથે રહેતા, અને પ્રોગ્રામોનું સંપૂર્ણ આયોજન મવલાના રહ. કરતા હતા, ઈ.સ ૧૯૭૪માં સૌ પ્રથમ મવલાના અસઅદ મદની (રહ.)નો સફર થયો, મવલાના (રહ.) પછી હઝરત સય્યિદ અરશદ મદની સાહબ સાથે પણ આવો જ સંબંધ રાખતા હતા.

હું જયારે પણ બ્રિટનની સફરે જતો તો હું વોલસોલ (WALSALL)માં

સઈદભાઈ કલંગના ઘરે રહેતો હતો, સઈદભાઈ મહેરબાની ફરમાવીને મારા લીધી કારી મુહમ્મદ ઉસ્માન સુરતી, મવલાના મુહમ્મદ હસન સા., મવલાના ગુલામ મુહમ્મદ સા. બારડોલી અને મવલાના અ.અવ્વલ વગેરે મિત્રોને પણ નાશ્તા માટે દાવત આપી દેતા હતા. આમ એક નિખાલસ અને સહજ મજલિજ ત્યાં થઈ જતી હતી.

ત્યાર પછી મવલાનાની બીમારી વધી જવાના કારણે અમે પોતે તેમના ઘરે જતા હતા, અને તેમને દુઆની અપીલ કરતા હતા. જો કે નક્કી સમય આવી ગયો અને ઈસ્લામી તારીખ ૧૦ / રબીઉલ આખર ૧૪૩૯ હિ. અને અંગ્રેજી તારીખ : ૨૯ / ડિસેમ્બર – ૨૦૧૭ના રોજ તેઓ આ દુન્યા છોડી ચાલ્યા ગયા, (ઈન્નાલિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઊન).

મેં તેમના પુત્રને તઅઝીયત માટે ફોન કર્યો તો તેમણે જણાવ્યું કે એક અઠવાડિયા પહેલાં તેમણે હઝરત શૈખુલ ઈસ્લામ મદની (રહ.)ને સ્વપ્નમાં જોયા. હઝરતે ફરમાવ્યું કે તમે ટુંક સમયમાં મારી પાસે આવી પહોંચશો.

ઈશાની નમાઝ પઢી, હાથમાં તસ્બીહ હતી, ઝિક્ર કરતાં કરતાં આંખો બંધ કરી દીધી અને સદાને માટે આ દુન્યાને અલવિદા કરી ચાલ્યા ગયા.

أللهم اغفر له وارحمه واكرم نزله وادخله فى جنتك جنات النعيم برحمتك وفضلك

હમાણાં થોડા દિવસો પહેલાં જ ડૉકટર મુસ્તફા આઝમી રહ.ની વફાતનો આઘાત હજુ તાઝો હતો ને આ દુઃખદ ખબર આવી.

જુમ્આની નમાજ પછી બ્રિટનના અલગ અલગ શહેરોમાંથી સેંકડો ઉલમાએ કિરામ અને સંબંધીઓ જનાઝાની નમાઝમાં ઉમટી પડયા, હઝરત અકદસ શૈખુલ હદીષ મવલના ઝકરિય્યહ (રહ.)ના ખલીફા અને દારૂલ ઉલૂમ બરીના શેખુલ હદીષ અને સ્થાપક મવલાના મુહમ્મદ યુસૂફ સા. મોતાલા (ઝી.મ.)એ આપની જનાઝાની નમાઝ પઢાવી. અનેક લોકો શિરકતથી વંચિત રહયા. બ્રિટનમાં જનાઝાની નમાઝમાં આવેલી મોટી જનમેદની મવલાના (રહ.)ની અલ્લાહ તઆલા પાસે મકબૂલીયતની દલીલ છે.

અલ્લાહ તઆલા આ બાઅમલ આલિમ, પાકાબઝ નેક હસ્તીની બાલ બાલ મગફિરત ફરમાવે. તેમના પરિવારજનો અને સંબંધીઓને સબ્ર કરવાની તૌફીક આપે, અને આપણ બધાને ઈમાન સાથે મોત નસીબ ફરમાવે. (આમીન)

*—— ઉર્દૂ પરથી અનુવાદ : મવ. અ. માજિદ કોઠી*

# વ્યાજ, આર્થિક બરબાદીનું મુળ છે.

ઈસ્લામમાં વ્યાજ દરેક પ્રકારે હરામ છે, વ્યાજ લેવા દેવાને અતિભયંકર અને મહાન ગુનો ગણવામાં આવ્યો છે, એના દુષ્પરિણામો અપાર છે, આજનું વિશ્વ વ્યાજની ભયંકરતાઓને કંઈક અંશે ઓળખવા માંડયું છે, પરંતુ હજુ એની ચુંગાલમાંથી નીકળે એવી કોઈ આશા દેખાતી નથી, ઈસ્લામે તો આરંભથી જ વ્યાજ વગરના જીવન અને સમાજની રચના પર ભાર મૂકયો છે. જે ઈસ્લામની ખૂબી અને ઉજળું પાસું ગણી શકાય. સૂ. આલે ઈમરાનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

(૧) જે લોકો વ્યાજ ખાય છે, તેઓ કયામતમાં કબરોથી એવી રીતે ઉઠશે જેવી રીતે તે માણસ ઉભો થાય છે, જેને શયતાન વળગી પાગલ કરી દે છે. આ શિક્ષા એટલા માટે થશે કે તેઓ વ્યાજને હલાલ કરવા માટે દલીલ રૂપે કહેતા કે વેપાર પણ વ્યાજ લેવું પણ વેપાર(માં નફા લેવા) જેમ ( હલાલ) છે, જુઓ તો અલ્લાહે વેપાર ને હલાલ કહ્યો છે. અને વ્યાજને હરામ કહ્યું છે ઉલટું વ્યાજે તો ખરા ! વ્યાજને પ્રથમ હલાલ સમજી, પછી વેપારને પણ એના જેમ હલાલ કહે છે. જેને પરવરદિગાર તરફથી એ વિશે બોધ પહોંચ્યા પછી તે વ્યાજ લેવાથી કે તેને હલાલ કહેવાથી અટકી ગયો તો જે કંઈ (આ હુકમ આવ્યા) પહેલા લઈ ચૂકયો તે તેનું જ છે, પણ (તૌબા સંબંધી) તેનો મામલો અલ્લાહને હવાલે છે. અને જે કોઈ આમ છતાં (વ્યાજને હલાલ ગણે) તો તેઓ જ દોઝખ વાળા છે. જેઓ તેમાં સદા રહેશે.

આ આયતમાં વ્યાજ ખોરોનું ખરાબ પરિણામ અને બદનામ હોવાની સ્પષ્ટતા કરવામાં આવી છે. તેઓ કબરોમાંથી પાગલ અને મસ્ત લોકોની જેમ ઉઠીને મેહશરના મેદાનમાં આવશે અને વ્યાજ લેનાર, હલાલ ઠેરવનાર જો સાચી તોબા વગર મરી જશે તો દોઝખમાં જશે અને તેમાં હંમેશા રહેશે.

(૨)અલ્લાહ તઆલા વ્યાજને નાબૂદ કરે છે, સદકાતને વધારે છે અને અલ્લાહ કોઈ પણ નાફરમાન પાપીને પસંદ કરતો નથી. (સૂરએ બકરહ)

આ આયતે શરીફામાં ફરમાવ્યું કે અલ્લાહ તઆલા વ્યાજને નષ્ટ કરે છે. વ્યાજને નષ્ટ કરવનો મતલબ આખિરતના સંદર્ભમાં તો સ્પષ્ટ છે કે વ્યાજના બદલામાં વ્યાજ ખોરોને જહન્નમતો અઝાબ વેઠવો પડશે અને દુનિયા માટે વ્યાજને નષ્ટ કરવું પણ સ્પષ્ટ છે, પરંતુ એ માટે થોડુ ધ્યાનથી કામ લેવામાં આવે અને હકીકત સમજવાની કોશિષ કરવામાં આવે. એક હદીષમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે: ان الوبوا وان كثر فان عاقبته الى قل

વ્યાજ ભલેને ગમે તેટલું વધારે હોય, પરંતુ આખરે તો તે ઓછું જ રહેવાનું છે.

# લોકોની ખામીઓ ન શોધો

કુર્આન કરીમમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.(ولا تجسّسوا) કોઈના છુપાયેલા એબો ના શોધો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) ફરમાવે છે કે આપ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) એ મિમ્બર ઉપર ખુત્બામાં ઈરશાદ ફરમાવ્યું કે હે લોકો ! જેઓ કહેવાના તો મુસલમાન થઈ ગયા, પરંતુ તેઓના દિલ સુધી ઈમાન નથી પહોંચી શકયું. તેઓ સાંભળી લે કે તેઓ મુસલમાનોને તકલીફ ન પોહચાડે અને તેઓના છુપાયેલા એબોની પાછળ ન પડેલા રહે અને થઈ ગયેલા ગુનાહો પર મેણા–ટોણા ના મારે, કેમકે જે માણસ કોઈ મુસલમાનના એબ શોધે છે અલ્લાહ તબારક તઆલા એના એબ શોધવા લાગી જાય છે અને જેના એબો અલ્લાહ તઆલા શોધે એને બે ઈઝઝત કરીને જ રહે છે. ભલે તે બંધ મકાનમાં છુપાયેલા હોય. (તિરમીઝી)

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)એ એક વખત કા'બા ઉપર નઝર કરી ફરમાવ્યું. હે અલ્લાહના ઘર ! તારી શાન કેટલી ઉંચી છે અને તારી ઈઝઝત કેટલી મોટી છે, પણ મો'મિનની ઈઝઝત અને આબરૂ અલ્લાહ તઆલાના નઝદીક તારાથી વધુ છે. (તિરમીઝી).

બીજી હદીષમાં છે કે મુસલમાન મુસલમાનનો ભાઈ છે. ન એના ઉપર ઝુલ્મ કરે છે અને ન એના ઉપર એબ લગાવે છે અને જે ભાઈ પોતાના મુસલમાન ભાઈના કામમાં આવે છે તો અલ્લાહ તઆલા એના કામ આવે છે અને જે મુસલમાન બીજા મુસલમાનને મુસીબતથી છોડાવે છે તો અલ્લાહ તઆલા એને કયામતની મુસીબતોથી છુટકારો આપશે. અને જે મુસલમાન બીજા મુસલમાનના એબ છુપાવે છે અલ્લાહ તઆલા કયામતના દિવસે એના એબ છુપાવશે. (તિરમીઝી)

આજકાલ આ મોટા ગુનાહની બલા ઘણી જ ફેલાએલી છે. આમ અને ખાસ બધા જ એમાં ફસાયેલા છે, લોકોના છુપા એબ ઢુંઢવા અને મળી જાય તો તેની ચર્ચા કરવા, ફજેત કરવાની આદત બની ગઈ છે. કોઈનું આ વાત ઉપર ધ્યાન પણ નથી હોતું કે ગુનાહ કરી રહયા છે. કોઈ દુન્યવી ફાયદો નથી અને પૂરી ઝિંદગી ના કરે તો કોઈ નુકશાન પણ નથી, છતાં લોકોને એમાં મજા પડે છે. અલ્લાહ તઆલા અમારી એનાથી હિફાઝત ફરમાવે. આમીન..

# દુઆ અને ઈમાન

માણસ પર જયારે મુસીબત આવે છે, ત્યારે તે અલ્લાહ તઆલા પ્રતિ મદદનો હાથ લંબાવે છે, દુઆ કરે છે અને કુબૂલ થવાની રાહ જુએ છે. અલ્લાહથી દુઆ અને કુબૂલ થવાનું યકીન – આશા એક એવી નેઅમત છે જે મુસલમાનોને મુસીબતમાં ટકી રહેવા, સબ્ર કરવા, હિંમતથી મુસીબતનો મુકાબલો કરવા અને તેનો હલ – ઉકેલ શોધવાની રાહ દેખાડે છે. એટલા માટે જ આપણે જોઈએ છીએ કે જે લોકો અલ્લાહ તઆલાથી દુઆ નથી કરતા અથવા દુઆ કરવા પછી કુબૂલ થવાની જેમને આશા નથી હોતી એવા લોકો, (વિશેષ કરીને અન્ય ધર્મના લોકો) મુસીબતથી ગભરાયને તુરંત આત્મહત્યા કરી લે છે, ગભરાટના માર્યા તેઓ ન કોઈ ઉકેલ વિચારી શકે છે, ન એમને ભવિષ્યમાં રાહતનું કોઈ કિરણ દેખાય છે, એનાથી વિપરીત મુસલમાન ખુદાની કુદરત અને શકિતને જાણે સમજે છે, એટલે ખુદાથી દુઆ કરે છે, પછી કુબૂલ થવાનું યકીન રાખે છે, માટે મુસીબતના દિવસોમાં હિંમતથી ટકી રહેવું, ઉકેલ વિચારવો, રાહત અને આસાનીનો ઈન્તેજાર કરવો એના માટે સરળ થઈ જાય છે.

ઘણી વાર ગેર મુસ્લિમ લોકોના લખાણો અને કથનો પણ આપણી સામે આવે છે કે, ફલાણું – ફલાણું કાર્ય તો ભગવાન પણ કરી શકે નહીં, વગેરે.. વાસ્તવમાં એમના આ શબ્દો પોતાના ભગવાનને અને એની શકિતના અસ્વીકારની દલીલ છે, મુસલમાન ગમે તેટલો કમઝોર હોય, ખુદાને સર્વશકિતમાન માને છે, માટે જ મુસીબત દૂર થવા કે કરવા બાબત મુસલમાન ખુદા તઆલા ઉપર અટલ ભરોસો રાખે છે, એક મુસલમાનના ખુદા તઆલા પર ઈમાન રાખવામાં અને અન્યોના એમના માબૂદો પર ઈમાન – શ્રધ્ધામાં આ જ મોટો ફર્ક છે.

અલ્લાહ તઆલા આપણા ઈમાનને વધુથી વધુ મજબુત ફરમાવે, અને તેની ઝાત – સિફાત પર મજબૂત યકીન આપીને એની રહમતો , બરકતોથી આપણને નવાઝે. આમીન ...

# નબવી તાલીમના બે વિશેષ અંદાઝ

## *હાથ પકડીને કે મુકીને તાલીમ – શિખામણ આપવી*

## *નામ સાથે બોલાવીને નસીહત કરવી*

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતાના અનુયાયી અને સહાબાને કોઈ વિશેષ તાલીમ કે નસીહત કરતી વેળા હાથ પકડીને કે હાથ મૂકીને તાલીમ ફરમાવતા હતા. આમ કરવાથી સામે વાળાને મુહબ્બત અને પોતીકાપણાનો એહસાસ થાય છે અને જે કંઈ વાત કહેવામાં આવે એનું મહત્વ પણ સમજાય છે. વ્યકિતગત કેળવણી અને તરબિયતમાં આ રીત નાના – મોટા દરેક માણસ સાથે ઘણી જ લાભદાયી નીવડે છે.

હઝરત ઈબ્ને ઉમર રદિ. ફરમાવે છે કે, એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મારો ખભ્ભો પડકીને ફરમાવ્યું :

"દુનિયામાં એક અજનબી કે મુસાફરની જેમ રહો." *(બુખારી)*

એટલે કે બહુ વધારે લાંબા ઈરાદાઓ, પ્રોગ્રામો, આયોજનો અને માલ દોલતના મન્સૂબા ન બનાવો. જેમ મુસાફર કે અજનબી માણસ આગળની મંઝિલે જવાનું વિચારે કામચલાઉ પડાવના સ્થળે વધારે આરામ કરવાનો કે સુવિધાઓ ઉભી કરતો નથી.

હદીસના વિદ્વાન ઈબ્નેહજર રહ. લખે છે કે હદીસ શરીફથી માલૂમ થયું કે, મુરબ્બી, શિક્ષક કે ઉપદેશક શિષ્ય અને વિદ્યાથીને અડીને કોઈ વાત કહી શકે છે. આમ કરવું મુહબ્બત બતાવવા માટે હોય અથવા ટકોર અને તાકીદ માટે હોય, એનાથી દિલનો સંબધ અને ઝુકાવ વ્યકત થાય છે.

● હઝરત અબૂમહઝૂરહ રદિ. ફરમાવે છે કે,

મેં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! મને અઝાનની રીત શીખવાડો ! તો આપ સલ્લલ્લાહુ મારા કપાળે હાથ ફેરવ્યો અને પછી "અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર...." છેવટ સુધી અઝાન શીખવાડી.

અબૂદાવૂદ શરીફમાં હઝરત મુઆઝ બિન જબલ રદિ.ની રિવાયત છે કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એકવાર એમનો હાથ પકડીને નસીહત ફરમાવી :

હે મુઆઝ ! ખુદાની કસમ ! હું તમારી સાથે મુહબ્બત રાખું છું. અને એટલે જ તમને તાકીદ કરું છું કે, દરેક ફરજ નમાઝ પછી આ દુઆ પઢવાનું છોડશો નહીં :

أَللّٰهُمَّ أَعِنِّى عَلىٰ ذِكْرِكَ وَ شُكْرِكَ وَ حُسْنِ عِبَادَتِكَ

હે અલ્લાહ ! તારો ઝિક્ર, શુક્ર અને સારી રીતે તારી ઈબાદત કરવામાં મારી મદદ ફરમાવ.

● હઝરત અબૂહુરયરહ રદિ. ફરમાવે છે કે, હું અમુક વાતો બતાવવા માંગું છું. કોઈ છે જે મારી પાસેથી એ વાતો શીખીને એના ઉપર અમલ કરે અથવા બીજાઓને અમલ કરવા માટે એની તાલીમ આપે.

હઝરત અબૂહુરયરહ રદિ.એ પોતાની તૈયારી દર્શાવી અને બોલ્યા કે, યા રસૂલલ્લાહ ! હું તૈયાર છું.

તેઓ વર્ણવે છે કે ત્યાર પછી આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મારો હાથ પકડયો અને પાંચ આંગળીઓ વાળીને વારા ફરતી પાંચ વાતો શીખવાડી. એક : હરામ કામોથી બચો, એનાથી તમે સૌથી મોટા ઈબાદત ગુઝાર ગણાશો. બે : અલ્લાહ તઆલાએ તકદીરમાં વહેંચીને જે કંઈ તમને આપ્યું છે, એના ઉપર રાજી રહો, લોકોમાં તમે સહુથી મોટા માલદાર ગણાશો. ત્રણ : પોતાના પાડોશી સાથે એહસાન કરો, એનાથી તમે પાકા મોમિન બની જશો. ચાર : બીજાઓ માટે પણ એવું જ પસંદ કરો જે પોતાના માટે પસંદ કરો છો, એનાથી તમે સાચા મુસલમાન ગણાશો. પાંચ : વધારે હસવાનું બંધ કરી દયો, એનાથી દિલ મરી જાય છે.

● હઝરત ઈબ્ને મસ્ઉદ રદિ. ફરમાવે છે કે, એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મુસાફહાની જેમ પોતાની બન્ને હથેળીઓ વડે મારો હાથ પકડીને મને "અત્તહિય્યાત" શીખવાડયું. આવી જ રીતે મને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ કુરઆન શીખવાડતા હતા.

અલ્લામહ અબ્દુલ હય્ય રહ. ફરમાવે છે કે, હાથ પકડીને કોઈ વાત શીખવાડવી, એ પણ તાલીમની એક રીત છે. આપણા અકાબિર આવી રીતે તાલીમ આપતા હતા.

## તાલીમ માટે નામ લઈને બોલાવવું.

અગાઉ આપણે વાંચી ગયા કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ લોકોને એમની ભૂલ કે કોતાહી બાબતે ટકોર કરવા માટે અથવા કોઈ એક વ્યકિત દ્વારા આચરવામાં આવેલ ગુનાની વઈદ અને ખરાબી વર્ણવવા માટે કોઈનું પણ નામ લેતા ન હતા, બલકે 'લોકોને આવું કેમ કરે છે ? લોકોને શું થઈ ગયું છે ?" વગેરે વાકયો બોલીને સંબોધન કરતા હતા.

એનાથી ઉલટું જયારે કોઈ વિશેષ વ્યકિતને સારી વાત શીખવાડવા ચાહતા તો એનું નામ લઈને બોલાવતા હતા અને પછી એમને સારી વાતો શીખવાડતા હતા કે યોગ્ય નસીહત – તાલીમ આપતા હતા.

વિદ્વાનોના મતે મુરબ્બી, વડીલ, શિક્ષક, ઉસ્તાદ, શેઠ અન અમીર દ્વારા એમના તાબા હેઠળના માણસને નામ લઈને સન્માનજનક રીતે બોલાવવું ઘણું જ ફાયદાકારક છે. માણસ એનાથી ખુશ થાય છે અને જે વાત કહેવામાં આવે છે એ સામે વાળાના દિલમાં ઘર કરી જાય છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઘણીવાર આવી રીતે પણ કામની વાતો શીખવાડતા હતા. હઝ. અબ્દુર્રહમાન બિન સમુરહ રદિ.ની રિવાયત છે કે, એકવાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હે અબ્દુર્રહમાન બિન સમુહરહ ! સરદારી (અમારત) કે હોદ્દો કદી સામે ચાલીને માંગશો નહીં. આવી રીતે માંગ્યા પછી તમને એ હોદ્દો મળશે તો તમે એના હવાલે થઈ જશો એટલે કે બધો બોજ તમારા માથે જ રહેશે અને અલ્લાહની કોઈ મદદ નહીં મળે. અને જે કોઈ હોદ્દો તમને માંગ્યા વગર મળે એમાં તમારી અલ્લાહ તઆલા મદદ કરે છે. અને જો તમે કોઈ કરવા કે ન કરવાની કસમ ખાય લીધી પછી એનાથી ઉલટું કરવામાં જ ભલાઈ અને નેકી હોય તો કસમ તોડીને કફ્ફારો આપી દયો અને ભલાઈનું કામ અપનાવો. (બુખારી શરીફ)

એકવાર હઝ. આઈશહ રદિ.ને નામ લઈને બોલાવ્યાં અને ફરમાવ્યું :

હે આઈશહ ! અલ્લાહ તઆલા પોતે જ નરમ – દયાળુ છે અને નરમી – રહેમ પસંદ કરે છે. અને નરમી કરવાથી એટલું બધું આપે છે જેટલું સખતી કરવાથી કે બીજા કોઈ પણ તરીકાથી નથી મળતું.

એકવાર હઝરત અબૂઝર ગિફારી રદિ.ને પોકારીને નસીહત ફરમાવી : હે અબૂઝર ! જયારે રસા વાળું શાક પકાવો તો થોડું પાણી વધારે નાખ્યા કરો અને પાડોશીનો ખ્યાલ રાખો.

હઝરત ઉબય બિન કઅબ રદિ. ફરમાવે છે કે, એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને મને પૂછયું :

હે અબૂલ મુન્ઝિર ! તમારી પાસે કુરઆનની સૌથી મહાન આયત શું છે એ તમને ખબર છે ?

મેં અરજ કરી કે : આ બધું તો અલ્લાહ અને એના રસૂલ મારા કરતાં વધારે જાણે છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરી મારું નામ લઈને પૂછયું : હે અબૂલ મુન્ઝિર ! તમારી પાસે કુરઆનની સૌથી મહાન આયત શું છે એ તમને ખબર છે ?

મેં અરજ કરી કે, "આયતુલ કુર્સી" સૌથી મહાન આયત છે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મારો જવાબ સાંભળીને ખુશ થઈ ગયા અને મારી છાતીએ હાથ થપથપાવીને ફરમાવ્યું :

અલ્લાહની કસમ ! અબૂલમુન્ઝિર, તમને ઈલ્મ મુબારક હો.

અદબુલ મુફરદમાં ઈમામ બુખારી રહ.એ હઝરત હન્ઝલહ રદિ.ની રિવાયત છે કે, કોઈ માણસને એના સુંદર નામ કે ઉપનામ (કુન્નીયત) વડે બોલાવવામાં આવે એનાથી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ઘણા જ ખુશ થતા હતા.

બયહકીમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન હઝરત ઈબ્ને ઉમર રદિ.ની રિવાયતથી છે કે, ત્રણ કામો દ્વારા તમે સામા વાળા વ્યકિતનું દિલ જીતી કશકો છો. મુલાકાત વેળા સલામ કરો. મજલિસમાં એના માટે જગા કરી દો અને સુંદર નામ વડે એને બોલાવો ●

# અમાનતદારીની કદર કરનાર ખલીફા

ખલીફા અબ્દુર્રહમાનના દરબારમાં હાજર થઈને એક માણસે અરજ કરી કે મેં સરકારી જમીનનો એક ટુકડો ખરીદયો હતો, હવે મકાન બનાવતી વેળા ખોદવાથી એમાંથી પચાસ હઝાર અશરફીઓ મળી આવી છે, મેં તો ફકત જમીન ખરીદી હતી, એમાં દાટવામાં આવેલ માલ ખરીદયો ન હતો, માટે આ માલ સરકારી ખઝાનામાં જમા કરી દેવામાં આવે. ખલીફાએ સંતોષ વ્યકત કર્યો, એની અમાનતદારી અને ઉદારતાની પ્રસંશા કરી અને પછી કહયું કે, અમે જમીન વેચી દીધી છે, તો પછી એમાંથી જે કંઈ નીકળે, તેના હકદાર તમે જ છો, પરંતુ આ માણસ આગ્રહપૂર્વક એની વાત પર અડગ રહયો, મજબૂર થઈને ખલીફાએ એ માલ સરકારી ખઝાનામાં શામેલ કરી લીધો. આ માણસની દયાનતદારી – અમાનતદારી આખા દેશમાં પ્રસરી ગઈ.

અમુક વરસો પછી આ જ માણસને પચાસ રૂપિયાની ચોરીના આરોપસર પકડીને ખલીફા સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

ખલીફાએ પૂછયું તમારા જેવા ઈમાનદાર માણસે તો આટલી મોટી રકમ આગ્રહપૂર્વક સરકારી ખઝાનામાં જમા કરાવી હતી અને આજે તમે આ નાનકડી રકમની ચોરીમાં પકડાય ગયા ?

તે માણસે હાથ જોડીને અરજ કરી કે, હું તે દિવસોમાં ઘણો જ માલદાર હતો, અને મને એ માતબર રકમની જરૂરત ન હતી, હમણાં થોડા સમયથી લગાતાર ખોટ – નુકસાન ભોગવી રહયો છું, અને આજ કાલ એવા દિવસો છે કે મારા ઘરવાળાઓ અનેક દિવસથી ભૂખ્યા હતા, પરિસ્થિતિથી પરેશાન થઈને આ ગુનો કરી બેસ્યો છું, દિવસો પસાર થતાં અને હાલત બદલાતાં વાર નથી લાગતી, માનવીય સ્વભાવ કદી સંસ્કારી તો કદી દુરાચારી બનતો રહે છે, હું મારો ગુનો સ્વીકાર કરું છું અને સજા માટે તૈયાર છું.

ખલીફાએ કહયું કે આવી કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા ખાતર જ તમારી જમા કરાવેલ રકમ તમારા જ નામે શાહી ખઝાનામાં જમા કરવામાં આવેલ છે, જે હવે તમને પરત કરવામાં આવે છે, અમે આશા રાખીએ છીએ કે આવી વિકટ પરિસ્થિતિમાં તમને એ સ્વીકારવામાં વાંધો નહી હોય, એ માણસે રકમ સ્વીકારી લીધી અને હવે ખલીફાની સખાવત અને રહેમ દિલી આખા દેશમાં પ્રસરી ગઈ.

# બચ્ચોં કે નામ અચ્છે રખો

યે બાત હર કોઈ સમજતા હે કે, નામ રખને કા મકસદ પેહચાન હી હોતા હે. અચ્છી ચીઝોં કે નામ અચ્છે રખે જાતે હેં ઓર બુરી ચીઝોં કે નામ બુરે રખે જાતે હેં.

પેદા હોને વાલા બચ્ચા અપને માં – બાપ ઓર ખાનદાન બલકે પુરી દુનિયા કે હક મેં ભલાઈ અને બરકત કા પૈગામ લે કર આતા હે. અલ્લાહ તઆલા હર બચ્ચે કો ફિતરત ઓર નેકી પર હી પેદા કરતે હેં. ઈસ લિયે જરૂરી હે કે હર બચ્ચે કા અચ્છા નામ રખા જાએ. હદીસ શરીફ મેં માં – બાપ કો જિમ્મેદારી દી ગયી હે કે અપને બચ્ચે કા અચ્છા નામ ભી રખે ઓર અચ્છી તાલીમ ભી દે. યાની જિસ તરહ અચ્છી તાલીમ દેના જરૂરી હે, ઈસી તરહ અચ્છા નામ રખના ભી જરૂરી હે.

હદીસ શરીફ મેં યે ભી હે કે કયામત કે દિન જબ સારી મખ્લૂક એક સાથ જમા હોગી ઉસ વકત તુમ કો તુમ્હારે ઓર બાપ કે નામ સે પુકારા જાએગા. યે હિસાબ કિતાબ કા દિન હોગા. અલ્લાહ તઆલા, અંબિયાએ કિરામ ઓર ફરિશ્તે વગેરહ સબ મોજૂદ હોંગે. ઈસ લિયે ઓર કયામત કે દિન અલ્લાહ ઓર ઉસ કે રસૂલ કો પસંદ આયે આવે ઐસા નામ રખના ચાહિયે.

યે યાદ રખો કે નયે ઓર નોવેલ્ટી નામ હોને મેં કોઈ ખૂબી નહીં. કિસી ભી નામ મેં ખૂબી દો વજહ સે હોગી. (૧) ઉસ કા માના (અર્થ) અચ્છા હો. (૨) વો નેક ઓર અચ્છે લોગોં કા નામ હો. જૈસે અંબિયાએ કિરામ, સહાબએ કિરામ, બુઝુર્ગાને દીન. વગેરહ.

આજકલ લોગ નયે નયે નામ તલાશ કરતે હેં, ઓર અંબિયા, સહાબા કે નામ તો ઉન કો માલૂમ હોતે નહીં, ઈસ લિયે નયે નામ કે શોખ મેં અજીબો ગરીબ નામ રખ લેતે હેં. દુનિયા મેં આજ સે પેહલે લાખોં અંબિયા અને સહાબા ગુઝરે હેં. ઉન કે બહોત સે નામ આજ ભી નયે ઓર અચ્છે માલૂમ હોતે હેં. કુછ નામ ઐસે હેં કે સદીયાં ગુઝર ગયી ફિર ભી આજ કે ઝમાને મેં વો અચ્છે લગતે હેં. ઈસ લિયે લોંગો કો ચાહિયે કે નામ રખને મેં ઈન દોં બાતોં કા ખ્યાલ રખેં ઓર નામ રખને કે બાદ લાડ – પ્યાર મેં ઉસ નામ કો ખરાબ ભી ન કરેં.

શરઈ માર્ગદર્શન

## ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ.મુફતી અહમદ દેવલા સાહેબ
સદર મુફતી જામિઅહ જંબુસર

### વારસાઈમાં કિંમત કરીને ખેતર ફાળવ્યા પછી વધારે કિંમત માંગવી

સવાલઃ અમે વારસદારોએ વારસાઈમાં આવેલ ખેતરોની કિમત બધા વારસદારોએ સાથે મળીને ૨૦૦૬માં નકકી કરી હતી અને અમારા બે ખેતરો પૈકી એક ખેતર જેને ૨૦૦૬ની સાલમાં મેં અને મારા બીજા ભાઈએ મળી રાખ્યું અને બીજુ ખેતર તે જ વર્ષે વેચી તેમાંથી મળેલ રકમમાંથી ખેતર રાખનારા અને બન્ને ભાઈઓએ રાખેલ ખેતરની કિંમત બાદ કરી બાકીના વારસદારોમાં ઈસ્લામિક શરીઅત મુજબ વહેંચી આપી. આ રકમ લેનારમાં અમારા એક ભાઈ પર વિશ્વાસ મુકી લખાણ ન લીધુ હતું જયારે કે બીજા ભાઈ પાસેથી આ અંગેનું લખાણ લીધુ છે. આ બન્ને ભાઈઓ હાલની વધેલી કિમત પ્રમાણે અમો બે ભાઈઓ પાસે રાખેલ ખેતરની કિંમત માંગે છે અને ખેતરમાંથી પોતાના નામો કમી કરાવવા આનાકાની કરે છે, આવા સમયે શરીઅત આ બાબતે શું કહે છે તે સરળતાથી સમજમાં આવે તે પ્રમાણે જણાવવા અમારી નમ્ર ગુજારીશ છે.

જવાબ : حامدا مصليا ومسلما

ઈસ્લામી શરીઅત મુજબ સોદા વેળાએ જે કિંમત નકકી થઈ હોય, તેટલી જ કિંમતની માંગણીનો વેચનાર પક્ષને અધિકાર છે, એથી વધુની માંગણી કરવી દુરૂસ્ત નથી, પછી સોદા વેળાએ નકકી થયેલ કિંમતથી વસ્તુની કિંમત વધી કેમ ના ગઈ હોય, અલબત્ત જો ખરીદનાર પક્ષ પોતાની રાજીખુશીથી પોતાની રીતે તેમાં વધારો કરે અને વેચનાર વધારાની મજલિસમાં જ એ વધારાને માન્ય રાખે, તો વેચનાર પક્ષ વધારાની કિંમતની માંગણી કરી શકે છે. પરંતુ ખરીદનાર પક્ષે સોદો થયા

બાદ નક્કી થયેલ કિંમતમાં વધારો કર્યો ન હોય તો સોદા વેળાએ નકકી થયેલ કિંમતથી વધુની માંગણી કરવી ના જાઈઝ છે. (શર્હૂલ મજલ્લહ:૧/૧૩૨, ફતાવા મહમૂદીય્યહ :૧૬/ ૧૭૭)

રજૂ કરેલ સૂરતમાં જયારે કે ખેતરને ખરીદનાર પક્ષે (તમો અને તમારા બીજા ભાઈએ) જયારે સોદામાં નકકી થયેલ કિંમત ઉપર કોઈ વધારો કર્યો નથી તો હવે વેચાણ લેનાર પક્ષ કિંવા અન્ય ભાઈઓ અને વારસદારોએ નકકી થયેલ કિંમત ઉપરાંત આજે ખેતરની વધી ગયેલ કિંમતથી વધુ કિંમતની માંગણી કરવી શરઈ દ્રષ્ટિએ બિલકુલ જાઈઝ નથી, બલ્કે શરઈ દ્રષ્ટિએ એમની જવાબદારી છે કે તેઓ વાસ્તવિક રીતે અને સરકારી રીતે તમોને કબ્જો સોંપી આપે અને નામો કમી કરાવી, જે તે દસ્તાવેજ ઉપર સહી કરી આપે, અને એ અર્થે પણ કોઈ મહેનતાણુ ન લે, નહીં તો એ રિશ્વત ગણાશે, જેના આચરણ ઉપર હદીસ શરીફમાં વઈદ વર્ણન થઈ છે,

હા, દસ્તાવેજના ખર્ચની જવાબદારી ખરીદે લેનાર પક્ષની કિંવા આપની તેમજ આપના ભાઈની રહેશે. (શર્હૂલ મજલ્લહઃ ૧/૧૪૯) ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

(તા.૩ / જુમાદલ ઉલા ૧૪૩૧ હિજરી – ૧૯/૪/ ૨૦૧૦ ઈસ્વી)

### *વહેંચ્યા વિના વારસાથી ધંધો કરીને નફો શાદી–ઘરખર્ચમાં વાપરવો*

સવાલઃ હમારે વાલિદ સા.કે ઈન્તિકાલ કે વકત હમ ભાઈ – બહન છોટે છોટે થે, ઈસ લીએ હમને બહનકા હિસ્સા દેનેકે મુતઅલ્લિક કોઈ કદમ નહીં ઉઠાયા, હમારે વાલિદ સા. કી મિલકત મેં એક લાખ રૂપિયે થે, અબ ઘરકે ઈખરાજાત કા મસ્અલા થા, ઈસ લિયે ઉસ રકમ કો ધંધેમેં ડાલ દિયા, તાકે ઉસમેં સે ખર્ચ નિકલતા રહે, અબ હમારે વાલિદ સા. કે ઈન્તિકાલ કો દસ સાલ હો ગએ, દસ સાલ કે અરસેમેં આખરી સાલમેં મેરી ઔર મેરી બહનકી શાદી ભી હૂઈ ઔર દસ સાલકે ઈખરાજાત વાલિદ સા. કી રકમ સે જો મુનાફા હોતા થા, ઉસી મેં સે નિકલતા થા, અબ બહન શાદી કરકે અપને સુસરાલ મેં હે, હમ બહનકો ઉસકા હિસ્સા

દેના ચાહતે હે.

વાલિદ સા. કી રકમ કા જો મુનાફા થા ઉસમેં સે ૭૫ % મુનાફા ઘરકે ઈખરાજાતમેં ખર્ચ હુવા, ઉસી ૭૫ % રકમમેં સે મેરી શાદીકા ખર્ચ ઔર હમારી બહનકી શાદીકા ખર્ચ જિસમેં બહનકી લે જાનેકી તમામ ચીજેં ઓર સોના વગૈરહ કા ખર્ચ ભી શામિલ હે, અબ સવાલ યે હે કે તકસીમ કરનેમેં કિન ચીઝોંકો કામિલ કિયા જાયે ?

(૧) વાલિદ સા. કી મુડી + 100 % મુનાફા યા (૨) સિર્ફ વાલિદ સા. કી મુડી યા (૩) વાલિદ સા. કી મુડી + 25% મુનાફા જો અભી મવજૂદ હે તો આપ હમારી રહબરી ફરમાએ. તીન ભાઈ ઔર એક બહન વારસદાર હે.

જવાબઃ સવાલમેં મજકૂર સૂરતમેં એક લાખ રૂપિયા, (જિસે આપકે વાલિદ સા.ને વફાતકે વકત છોડા) આપ કે વાલિદ સા. કા તરકહ હય, જિસમેં તમામ વારિસીન શરઈ ઉસૂલ કે મુતાબિક શરીક હોંગે ઔર ચૂંકે આપને સબકી જાનિબસે તિજારતમેં લગાએ હૈ, ઈસ લિયે ઉસસે હાસિલ હોનેવાલે નફામેં ભી સબ શરીક સમજે જાએગે. (અ.ફતાવાઃ૯/ ૨૮૫)

આપને મજકૂર નફાસે જો કુછ ભાઈ,બહન વગરહકી જરૂરિયાત, ઈસી તરહ સે શાદી વગૈરહમેં ખર્ચ કિયા હય, અગર ઉનકી રજામંદી સે ખર્ચ કિયા હે તો ફિર ઈન તમામ ખર્ચોકો બાદ કર લિયા જાએ. જો બચે, ઉસે વારિસીનમેં તકસીમ કર દિયા જાએ.

ઔર અગર સબ રાજી ન હો તો સબ ખર્ચો કો બાદ ન કિયા જાએ. ઓર એક લાખ ઔર ઉસકે તમામ નફા, દોનોં કો વારિસોમેં તકસીમ કર દિયા જાએ, ઔર ફિર હર એક કી જરૂરતમેં જો ખર્ચ કિયા હય, ઈસી તરહ બહન ઔર આપકી શાદીમેં જો કુછ ખર્ચ કિયા ઉસકા હિસાબ લગા કર હર એક કે હિસ્સે સે વસૂલ કર લિયા જાએ. ફકત વલ્લાહુ તઆલા અઅ્લમુ બિસ્સવાબ.

(તા. ૨૨ / ૧૧ / ૧૪૩૦ હિજરી – ૧૧ / ૧૧ / ૨૦૦૯ ઈસ્વી)

---

## બોધકથા...

કોઈ મોટા શહેરમાં એક ટેકસી ડ્રાઈવર રાત્રે ભાડે ટેકસી લાવીને મુસાફરોની ટ્રીપ મારીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. આખી રાત ટેકસી ચલાવીને જે કંઈ મળતું એમાંથી ટેકસી માલિકનું ભાડું અને ઈંધણના પૈસા ચુકવતાં એની પાસે થોડીક જ રકમ વધતી હતી.

ડ્રાઈવર કોઈ લાંબી ટ્રીપ મળે એવું ઈચ્છતો હતો, જેથી વધારે ભાડું મળે અને હાથમાં કંઈ વધારે રકમની બચત થાય તો ઘરખર્ચ અને વપરાશમાં સહૂલત રહે.

આખરે એણે નક્કી કર્યું કે આજે રાત્રે તો લાંબા અંતરની સવારી મળે તો જ કબૂલ કરીશ. એટલે એ રાત્રે નજીકના દરેક ગ્રાહકને ના પાડી દેતો અને કોઈ લાંબા અંતરના ભાડાની રાહ જોવા લાગ્યો.

અડધી રાત થઈ પણ કોઈ દૂરનું ભાડું આવતું ન હતું. એની બેચેની વધવા લાગી. અંતે એક મુસાફર આવ્યો અને દૂરના સ્થાને જવાનું કહીને ગાડીમાં બેસી ગયો. ટેકસી ડ્રાઈવર ખુશ હતો. વધારે ભાડું મળવાની આશા પૂરી થવાની હતી. પણ એણે ટેકસી સ્ટાર્ટ કરી તો ખબર પડી કે ગાડીમાં એટલું વધારે ઈંધણ નથી અને એની પાસે એટલા પૈસા પણ નથી કે વધારે ઈંધણ પુરાવી શકે. ના છુટકે આ મુસાફરને ના કહેવું પડયું. હવે એને થયું કે અમુક ટુંકા અંતરના મુસાફરો બેસાડીને થોડા પૈસા કમાય લીધા હોત તો આ લાંબી ટ્રીપ છોડવી ના પડત.

આપણા જીવનનું પણ કંઈક આવું જ છે. મોટી – લાંબી ઉમંગો ભરીને જીવીએ છીએ, પણ જયારે એની તક આવી પહોંચે છે તો આપણે એના માટે તૈયાર નથી હોતા. કારણ કે મોટા અને ઊંચા લક્ષ્યની ઉમંગોમાં આપણે ઘણા નાના અને જરૂરી કામો પ્રત્યે અનદેખી કરતા હોઈએ છીએ.

યાદ રાખો ! નાના અને બેકાર લાગતા કામો જ મોટી ઉમંગો અને ઊંચા લક્ષ્યો માટે આપણને હિમ્મત અને ભાથું પુરું પાડે છે.

———————————————

# Muslims and India's Freedom Struggle Recalling the Untold Bright History

India, from ancient times is famous for its civilization, rituals and natural recourses. It existed even in the immemorial times. According to many prophetic traditions, the Prophet Adam (peace be upon him), the first man on earth, landed in India. Interestingly Adam, the first prophet of Allah to the people, was the first man to stay at the soil of India. It is known to all that Muslims believe in all the prophets sent down by Allah on this earth. It is also known that all the prophets of Allah came with one religion that is Islam. So in this way, Muslims are the true successor of this land.

After the seventh century AD, the atlas of the world changed. As two great world empires i.e. Persia and Rome collapsed. India also could not guard itself from the effect of the international revolution that was brought about by Islam. In 711 AD, Muhammad Qasim entered India and cut off Sind. Later, it was the turn of Sultan Mahmood Gaznavi (reign 998-1030) who conquered a good part of western and northern India. Soon after him came Sultan Shihabuddin Gauri in 1206 who laid the foundation stone of Delhi Sultanate (1206-1526). Finally came Babar whose Mughal empire lasted for centuries (from 1526 to 1857).

The Mughal Empire with its all glory after the period of Aurangzeb Aalamgir (1618-1707) started declining. The undeserving successors of throne could not protect the inherited government from declining. Europe those days was passing by boundless scientific and economical progress while the Muslim empires like Ottoman Caliphate in Turkey and Mughal Empire in India could not sense the importance of scientific developments that were taking place

in Europe. The onslaught of Europe on India started by the Portuguese pirates and colonialists in seventeenth century, but it was heightened when the English disguised as traders established bases with an eye on India' wealth and land. Later the East India Company began taking the country into its grip and finally it put an end to the 7-century old Muslim rule.

First, East India Company established its base in Surat where it got permission to operate business in the period of Jahangir in 1612. The company got marvelous success and occupied all three important ports of Bombay, Calcutta and Surat. Shah Waliullah Muhaddis Dehlawi (1703-1762) was the first person who apprehended the danger and was disappointed of the Muslim government to stand to an action. So he chalked out a plan of complete revolution. Shah Waliullah's various books reflect this thought and propound a complete framework. Shah Waliullah is the frontrunner of this field. Later, his sons and pupils forwarded his mission.

Meanwhile, the company began to expand its area. It resulted at a fierce fight between the company and Sirajuddaula in Palasi (Bengal) in 1757. Sirajuddaula was defeated and the door was open for Britain to occupy Bengal. Afterwards, Haidar Ali and his son Tipu Sultan stood up to stop English steps in Deccan (Southern India). But this campaign suffered a major setback due to internal treachery and Tipu was martyred fighting in Srangapattam in 1799. The English general Nell climbed up his dead body and shouted: "From today India is ours". Finally, one day in 1803 the Mughal king in Delhi was forcibly asked to sign a paper that read, "The people for Allah, the country for King his majesty and the order for the Company".

Meanwhile, Shah Abdul Aziz (1746-1823) who was realizing the situation very carefully issued a fatwa saying

that India has become a Darul Harb (non-Muslim country); Muslims must wage war against the British.

After 1803, there was no real threat to the English. The ground was not prepared to start any revolutionary movement. So, Syed Ahmad Shaheed, a disciple of Shah Abdul Aziz, with his some companions migrated to Qandahar in Afghanistan in search of a land from where he can run a movement and prepare a team for the revolution. There, he established an Islamic government and confronted with Sikhs who were a big obstacle in the way of their movement. Unfortunately, the greatest militant movement of this subcontinent suffered sedition of Afghans and finally collapsed. The remaining people, especially the Ulama-e-Sadiqpur, continued their mission inside India.

The sparks of hate and anger against the English burst again in 1857. This time it was not a mutiny of a group but mass revolt against the English throughout the country. In Shamli people revolted in the leadership of Haji Imdadullah while they were fighting in Lucknow and Faizabad under the command of Begum Nawab and Maulana Ahmadullah. Meerut and Delhi were the centers where Indian army men were with Sultan Bahadur Shah Zafar. The revolt continued for months, but the Indians were defeated in the long run.

It is noteworthy that the caravan of freedom was led purely by Muslims till 1857. Since the power was snatched from Muslims so they were naturally the first enemies of the alien government. According to historians, 27,000 Muslims were only hanged to death. Not to speak of the 7-day-long massacre. Even the children were not spared. The atrocities that were perpetrated on women are beyond imagination. Shah Zafar was exiled to Rangoon and his descendents were finished off.

After the failure of 1857 revolution, the Muslim

leaders changed their strategy. They started setting up educational institutions across the country to combat the government's disastrous policies. On the foremost of them was Maulana Muhammad Qasim Nanautavi and his colleagues who established Darul Uloom Deoband to produce a team of Ulama who can fight eyeball to eyeball with British government. The first student of Darul Uloom Deoband, Maulana Mahmood Hasan known as Shaikhul Hind, with his people drew a plan known as "Reshmi Rumal Movement" (Silken Letters Movements). Hazrat Shaikhul Hind had a secret agreement with Ottoman Caliphate of Turkey to attack on British bases in India and prepare ground for revolt. But this plan also was sabotaged by some Muslims. Consequently, he with his colleagues was arrested and sent to Malta Island where they spent 3 years and later released when no guilt was proved.

As the 1st World War erupted the Indian subcontinent was resounding with the slogans of Khilafat Movement. Until this point of time, no prominent Hindu leader was in the field. Due to the World War, the global scenario changed and India Hindus got up from their long slumber. Shaikhul Hind in his way back to India from Malta was supposed to get down in Bombay. Gandhi Ji was amongst those who came to receive him. After that in a meeting Shaikhul Hind, Maulana Muhammad Ali Jauhar, Mukhtar Ansari and other Muslim leaders elected Gandhi Ji as the leader. Since Hindus were in majority, so it was necessary to win the local and international support by putting Hindu leaders forward.

Around 1919 Jamiatul Ulama came into being to provide Muslims a platform to fight against the English. It is worth mentioning that it was Jamiat, which taught the Congress to follow the path to freedom. Otherwise, it was not founded with sole purpose of independence. The Jamiat leaders worked closely with the Congress and inspired it to

adopt non-cooperation, complete freedom and other programme.

Maulana Abul Kalam Azad, the genius scholar and prolific water of the Indian subcontinent, was the hero of India's independence. Through his writings and particularly historic newspapers al-Hilal and al-Balagh he heated up the continent with warm slogans of freedom that made the colonialists restless. He headed the Congress especially in the most crucial times of independence history during the II World War and afterwards. It was the continuous pressure and wise policy of the Congress under his leadership that materialized the dream of freedom in shorter period.

These are some brief extracts from the history of freedom. Otherwise, the sacrifices that Muslims have offered to free India from the clutches of the English cannot be described in a short article. If we take only the names of the Muslim fighters it will take hours to finish. The most important thing is that Muslims were pioneer in freedom fighting and only they carried it on till 1900. The Hindu leaders appeared long after them and Muslims went parallel with them till the country was free. Muslims had always held high the torch of patriotism and freedom fighting.

Today, it is tragic enough that Muslims are blamed that they are traitors. Muslim fighters instead of being paid homage their names are removed from textbooks and history. While, many in Hindu community think that Muslims have got their share in the form of Pakistan, but they forget that still India has more Muslims than Pakistan or any other country in the world except Indonesia.

The purpose to mention these sacrifices is to remind today's Muslims of our brave past. Since, it is said that a nation which fails to treasure its history is lost in the darkness of ages. It has nothing that inspires it to face any threat with courage and determination. ■ ■ ■

### સારી વાત – સદકહ

હદીસ શરીફમાં છે કે, કોઈને સારી વાત કહેવી – દર્શાવવી પણ સદકહ છે. (બુખારી) સદકહ હોવાનો મતલબ આ છે કે જેમ માલ આપવાથી સામે વાળાને ખુશી થાય છે અને એની તંગી દૂર થાય છે, એવી જ રીતે સારી વાત બતાવવાથી સામે વાળાને ખુશી થાય છે અને એના દિલની બેચેની દૂર થાય છે.

### બધા સરખા ન હોવા જોઈએ

હસન બસરી રહ. ફરમાવે છે કે જયાં સુધી લોકો વચ્ચે તફાવત રહેશે, ભલાઈ છે, જયારે બધા જ સરખા થઈ જશે તો બરબાદી નક્કી છે. એટલે કે જયારે બધા જ બુરા બની જશે અને લોકોમાં કોઈ નેક – મુત્તકી નહી હોય તો પછી કોણ દુઆ કરશે અને કોણ અલ્લાહને રાજી કરશે ? એટલે બરબાદી નક્કી જ છે.

### એકબીજાની મદદ

જયાં સુધી લોકો એકબીજાની મદદ કરતા રહે છે, કોઈને કોઈની પણ જરૂર નહીં પડે. અને જયારે બધા એકબીજાની મદદ નહીં કરે, બધા જ એકબીજાના મોહતાજ બની જશે.

### હક માંગતા રહો

પોતાનો હક માંગવા – મેળવવામાં કદી આળસ ન કરો. નહીતર લોકો આપણો હક હડપ કરી જશે અને આપણા હક ઉપર આપણી માલિકી પણ નહીં રહે.

### પીરાને પીર રહ.ની નસીહત

શેખ અબ્દુલ કાદિર જીલાની રહ. ફરમાવે છે : અલ્લાહની ફરમાબરદારી કરો. બીજા કોઈથી ડરો નહીં અને કોઈથી લાલચ પણ ન રાખો. બધી જ જરૂરતો અલ્લાહ તઆલા પાસે માંગો.

### દુનિયા અને આખિરત

આખિરતને દુનિયાથી ઉપર રાખો. એમ કરવામાં દુનિયા – આખિરતનો ફાયદો છે. જો દુનિયાને આખિરત કરતાં આગળ રાખી તો દુનિયા અને આખિરત બન્નેનું નુકસાન છે.

### હોશિયાર માણસ

હોશિયાર માણસ એના માલિક સામે પણ બંદો બનીને રહે છે અને માલિકના બીજા બંદાઓ સામે પણ બંદો બનીને રહે છે.

### અલ્લાહનો મહબૂબ

અલ્લાહ તઆલા જે માણસ સાથે મુહબ્બત કરે છે, કોઈ ઝાલિમને એના ઉપર લગાવી દે છે. જે અલ્લાહના મહબૂબને સતાવ્યા કરે છે.

### રોઝીનો માલિક

હઝરત ફુઝૈલ બિન અયાઝ રહ.ને કોઈએ કહયું કે, મારી રોઝી ઓછો અને બાળ બચ્ચા વધારે છે. આપ રહ.એ જવાબ આપ્યો કે, જે કોઈની રોઝી તમારા માથે હોય એને કાઢી મુકો અને જેની રોઝી અલ્લાહના હવાલે હોય એને રહેવા દેજો.